શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્નું મુખપત્ર

सद्विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

ISSN 2582-6409
વર્ષ : ૧૬ • અંક : ૦૯
સપ્ટેમ્બર : ૨૦૨૪

વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવ પ્રસંગે
વડતાલધામ મહિમા વિશેષાંક - ૧

વડતાલધામ દ્વિશતાબ્દિ મહોત્સવની પૂર્વ તૈયારી સ્વરૂપે યજ્ઞશાળા નિર્માણના પ્રારંભે ધ્વજારોહણ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી, પૂજ્ય સ્વામીજી, સંતો - વડતાલ

મહા દાનવીર તથા ઉત્તમ ભક્ત હસમુખભાઈ ભુડિયાના અંતિમ સંસ્કાર પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો તથા વિશાળ સંખ્યામાં દેશ-વિદેશના મહાનુભાવો - મોમ્બાસા (આફ્રિકા)

અખંડ ભગવદ્ પરાયણ પરમ પૂજ્ય જોગી સ્વામીની તેરમી પુન્યતિથિ પ્રસંગે હૃદય કુટીરે તથા સભામાં પ્રતિમાનું પૂજન કરતા સદ્‌ગુરુ સંતો - SGVP

ગુજરાતના વિવિધ પ્રાંતોમાં અતિવૃષ્ટિ સમયે સહાય સ્વરૂપે અર્પણ થયેલ ફૂડ પેકેટની વ્યવસ્થા કરતા સંતો-વિદ્યાર્થીઓ, અમદાવાદ ગુરુકુલ

ગુરુકુલ દર્શન

ભગવાન શ્રી સ્વામિનારાયણ

પરમ પૂજ્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ
શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી
શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૧૬, સપ્ટેમ્બર : ૨૦૨૪, અંક : ૦૯

પ્રકાશક તથા માલિક
બાલકૃષ્ણદાસજી સ્વામી
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર,
અમદાવાદ-૩૮૦૦૫૨

તંત્રી : શામજી ભગત
સંપાદક : સાધુ યજ્ઞવલ્લભદાસ
તસ્વીર : જી. વિઝન
કલા સંયોજન : હરિકૃષ્ણ ગ્રાફીક્સ

વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/-
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-
૨૦ વર્ષનું લવાજમ : રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૦ વર્ષનું લવાજમ : $ ૧૧૦/-

બતિયાં મોરે બાલમકી....

બતિયાં મોરે બાલમકી,

બિસરત નાહીં બિસારી; બતિ. ટેક.

સુંદર બતિયાં શ્યામસુંદરકી,

છેદત છતિયાં હમારી. બતિ. ૧

સુંદર ચલની બંક બિલોકની,

કસત કરેજે ભારી. બતિ. ૨

મુસકનીમેં મનમોહન મેરો,

લે ગયો જીયરા નિકારી. બતિ. ૩

પ્રેમાનંદ કે' કરી કરુના,

કબ મીલી હે કૃષ્ન મોરારી. બતિ. ૪

અનુક્રમણિકા

૧. વડતાલધામ મંદિર ઇતિહાસ અને મહિમા ૦૪
૨. મંદિરોની આવશ્યકતા અને ઐતિહાસિકતા ૦૪
૩. મંદિરોમાં મૂર્તિ-ઉપાસના ૦૫
૪. મંદિરો શા માટે ? ૦૬
૫. મંદિરોની આવશ્યકતા અને ઉપયોગિતા ૦૮
૬. શ્રીહરિના ત્રણ કલ્યાણકારી સંકલ્પો ૦૯
૭. મંદિર નિર્માણનો સંકલ્પ ૧૧
૮. લાગે વૈકુંઠથી રૂડું વડતાલ ૧૩
૯. સમાચાર દર્શન ૧૫

લવાજમ અંગે પત્રવ્યવહાર
'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
(૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

'ગુરુકુલ દર્શન' દર મહિનાની ૨૫ તારીખે પ્રગટ થાય છે. એ પછીના એક અઠવાડિયા સુધીમાં આપને અંક ન મળે તો નજીકની પોસ્ટ ઓફિસ અથવા પોસ્ટમાસ્તરનો સંપર્ક કરવો. એડ્રેસમાં સુધારો પત્ર અથવા ઈમેઈલથી જ થશે.

GurukulParivar
GurukulParivar
swaminarayangurukul.org
darshan@sgvp.org



તીર્થરાજ વડતાલધામ મંદિર ઇતિહાસ અને મહિમા

સ્વામિનારાયણ સંપ્રદાયનું સર્વોપરી સ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામને બસો વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. આ ઐતિહાસિક ક્ષણે ગુરુકુલ દર્શનના આ સળંગ બે અંક દ્વારા આપણે વડતાલધામનો ઇતિહાસ તથા મહિમા વિશે જાણીશું.

- શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી

સત્‌યુગમાં મનુષ્ય ધ્યાનમાત્રથી હરિદર્શન કરી શકતો એટલા ઉત્કૃષ્ટ અને સાત્ત્વિક મનુષ્યોના હૃદયમંદિર હતા, પરંતુ કાળક્રમે યુગના પ્રભાવે એ મંદિરો જર્જરિત થતાં ગયા, એટલે દ્વાપરયુગથી મનુષ્યને હરિદર્શન માટે બહારનાં ઘરમંદિર કે નગરમંદિરની રચનાની જરૂરિયાત ઊભી થઈ.

Necessity is the mother of Invention. આવશ્યકતા જ આવિષ્કારની જનની છે. સમાજમાં જ્યારે શિક્ષણની અનિવાર્યતા જણાઈ ત્યારે ગુરુકુલો અને શાળાઓની સ્થાપના થઈ. સમાજને જ્યારે સ્વાસ્થ્યની મહત્તા સમજાઈ ત્યારે ઔષધાલયો અને દવાખાનાની સ્થાપના થઈ. સમાજને જ્યારે મનોરંજનની જરૂર પડી ત્યારે સીનેમા અને મહેફિલોની યોજના થઈ. સમાજને જ્યારે શાંતિ અને સુખની ઇચ્છા થઈ ત્યારે મંદિરો અને સભાગૃહોની રચનાઓ થઈ. ભારતના આર્ષદૃષ્ટા ઋષિઓએ માનવ જીવનને અધ્યાત્મના ઉચ્ચ સ્તર સુધી લઈ જવાના ઉચ્ચ હેતુથી અને વિશાળ દૃષ્ટિથી મંદિરોની પરંપરા પ્રવર્તાવી છે. મંદિરોને લીધે એક સમયે ગુફામાં પશુ જેવું જીવન જીવતો આદિમાનવ સભ્ય જીવન જીવતો થયો એટલું જ નહીં, આધ્યાત્મિક ઉન્નતિ સાધી માનવમાંથી મહાત્મા બનતો થયો.

શરૂઆતમાં પર્વતોના ઉત્તુંગ શિખરોને લક્ષમાં લઈને મનુષ્યે પથ્થરની વેદી ફરતે વેલા-પાંદડાના સ્તંભ કે ડાળખાંઓ જોડી એને ઉપરના ભાગે એક કરીને બાંધ્યા. મંદિરનું આ પ્રાથમિક સ્વરૂપ કે શરૂઆત ગણી શકાય. ગુફામાં રહેનારા આદિમાનવે પરમાત્મા માટે પણ પોતાની પર્ણકુટી જેવાં આવાસની રચના કરી.

ડાળાં-પાંદડાં તો થોડા સમયમાં કરમાઈ જાય એટલે મનુષ્ય ધીમે ધીમે વધુ લાંબા સમય સુધી ટકે તેવા કાષ્ઠમંડપો બનાવતો ગયો. કાળક્રમે મંદિરો માટે ઈંટો અને પાષાણનો ઉપયોગ થવા લાગ્યો, પછી તો મનુષ્ય ઉત્તુંગ શિખર અને વિશાળ ગર્ભગૃહવાળાં મંદિરો બનાવતો થયો.

મંદિરોમાં શિખર અને ગર્ભગૃહ સાથે દર્શનાર્થીઓ માટે ઘુમ્મટ જોડાયો. ત્રણ દિશાથી પ્રવેશવા માટે મુખ-મંડપો મૂકાયા. નૃત્ય વગેરે કલા-ઉપચાર માટે નૃત્યમંડપ કે રંગમંડપ ઉમેરાયા. પછી ભિન્ન ભિન્ન પ્રકારના સ્તંભો, મંડોવર, ઝરૂખા, ઘુમ્મટ, ઘુમ્મટીઓ, તોરણ, છત, મંડોવરમાં દિગ્પાલો અને દેવીદેવતાનાં વિભિન્ન સ્વરૂપો, ઘુમ્મટમાં દેવતાનાં સ્વરૂપો, મંડોવરના કલાત્મક સ્વરૂપો, મંદિર ઉપર શિખર, શિખર ઉપર કળશ અને ધ્વજદંડ, સૌથી ઉપર ધજા વગેરે કાળક્રમે વિભિન્ન દેશ, દેવ અને પરંપરાને અનુસારે મંદિરોનાં નિર્માણમાં અનેક પ્રકારનું વૈવિધ્ય વિકસતું ગયું.

મંદિરોની આવશ્યકતા અને ઐતિહાસિકતા

વિશ્વની સૌથી પ્રાચીન એવી ભારતીય સંસ્કૃતિનો પાયો મંદિર છે. મંદિર આધ્યાત્મિક, નૈતિક, સાંસ્કૃતિક, શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક વગેરે પ્રવૃત્તિઓનું કેન્દ્ર છે.

આપણે મંદિરનું નિર્માણ કરીએ અને મંદિર આપણું સાંસ્કૃતિક નિર્માણ કરે.

'શિલ્પ રત્નાકર' નામના ગ્રંથમાં શ્રી દેવપ્રસાદજી મંદિરના હેતુઓ દર્શાવતા લખે છે,

नगराणां भूषणार्थं च देवानां निलयाय च ।
लोकानां धर्महित्वर्थ, क्रीडार्थं सुरयोषिताम् ।
आलयं सर्वभूतानां विजयाय जितात्मनाम् ।

धर्मार्थकाममोक्षाणां, प्राप्तिहेतुश्च कामदः ॥

અર્થાત્ નગરની શોભા માટે, દેવતાઓના નિવાસ માટે, લોકોના ધર્મકાર્ય સિદ્ધ કરવા માટે, દેવાંગનાઓને રમવા માટે, લોકોની ઉન્નતિ માટે, આત્મદર્શનાર્થીના વિજય માટે તથા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારેય પુરુષાર્થની પ્રાપ્તિ માટે મંદિરોની રચના કરવામાં આવે છે.

ભારત મંદિરોનો દેશ છે એમ કહેવું ખોટું નથી, કારણ કે આ દેશમાં લાખોની સંખ્યામાં મંદિરો છે. આટલા બધા મંદિરો જોઈને લોકોને પ્રશ્ન થાય એ સહજ છે કે, આટલા બધા મંદિરો શા માટે ? પરંતુ જેમ જેમ મનુષ્યોની વસ્તી વધતી જાય છે તેમ તેમ મંદિરોની સંખ્યા પણ વધવી જરૂરી છે, કારણ કે માનવને મહામાનવ બનવાની અને એના મૂળ સ્રોત સુધી પહોંચવાની પ્રેરણા મંદિર આપે છે.

મંદિર માત્ર દેવઘર જ નહીં, સાધનાનું સ્થાન છે, સમાજનું કેન્દ્ર છે, વસ્તીનું મધ્યબિંદુ છે, એટલે જ પ્રાચીન કાળથી પ્રત્યેક નગરનાં કેન્દ્રમાં મંદિરનિર્માણ થયેલું જોવા મળે છે. મંદિરની દરેક બાબત માનવજીવનનો ઉત્કર્ષ દર્શાવે છે.

મંદિરની પ્રદક્ષિણા ભગવાનને કેન્દ્રમાં રાખવાનું શીખવે છે.

મંદિરમાં ભગવાનની-ભક્તજનોની સામે ઝૂકવાથી મનુષ્યનો સત્તા-સંપત્તિ કે અન્ય કોઈ પણ પ્રકારનો અહંભાવ ઓગળે છે.

મંદિરના ઊંચાં શિખરો માનવજીવનને હમેશાં ઊંચું લક્ષ્ય રાખવાનું સૂચવે છે.

મંદિરના સુવર્ણ કળશ મનુષ્યને સોના જેવાં શુદ્ધ ચારિત્રની પ્રેરણા આપે છે.

મંદિરની પવન સાથે ફરકતી ધજાઓ મનુષ્યને સમય સાથે ચાલવાની પ્રેરણા આપે છે.

મંદિરનાં પગથિયાં માણસને આગળ વધવાની અને ઉર્ધ્વગામી બનવાની પ્રેરણા આપે છે, પણ પગથિયાં ચડે તો, નહીંતર ઘણીવાર ઘણા લોકોના ઘરથી મંદિર ૬૦ ડગલાં જ દૂર હોય છે, પણ મંદિરના પગથિયાં ચડવાનો વિચાર આવતાં-આવતાં ૬૦ વર્ષ વીતી જાય છે !

મંદિરોમાં મૂર્તિ-ઉપાસના

જેમ મનુષ્ય વિનાનું ઘર સૂનું લાગે એમ દેવ વિનાનું દેવળ અધૂરું છે. મંદિરો ઉપાસનનાં કેન્દ્રો છે. વૈદિક કાળથી વેદપ્રબોધિત દેવી-દેવતાઓની ઉપાસનાઓ અદ્યાપિપર્યંત થતી આવી છે. સૃષ્ટિના આદિ ગ્રંથો વેદોમાં વરુણ, સૂર્ય, ઈન્દ્ર, અગ્નિ, પૃથ્વી વગેરેની ઉપાસનાનો ઉલ્લેખ જોવા મળે છે. 'શાકુંતલમ્' નાટકનાં મંગલાચરણમાં મહાકવિ કાલિદાસે પણ પૃથ્વી, જળ, તેજ વગેરે આઠ પ્રાકૃતિક અંગોને ભગવાન શિવની પ્રત્યક્ષ મૂર્તિ રૂપે વર્ણવીને વંદના કરી છે.

મંદિરનો પ્રાણ છે તેમાં પ્રતિષ્ઠિત મૂર્તિ. ઋષિઓએ વર્ષો પૂર્વે વિશ્વને જે અસાધારણ ભેટ આપી છે, તે મંદિરમાં પ્રતિષ્ઠિત મૂર્તિઓની મૂર્તિપૂજા છે.

શ્રીમદ્ ભાગવત મહાપુરાણમાં ભગવાનની આઠ પ્રકારની પ્રતિમાઓનો ઉલ્લેખ જોવા મળે છે.

शैली दारुमयी लौही लेप्या लेख्या च सैकती ।
मनोमयी मणिमयी प्रतिमाष्टविद्या स्मृता ॥

(ભાગ.૧૧-૨૭-૧૨)

ભારતીય મનીષિઓ પંચરાત્રાદિ શાસ્ત્રોના આધારે માનતા કે પાષાણ, કાષ્ટ, ધાતુ, લેપન, ચિત્ર, વેળુ(રેતી), મનોમય અને સ્ફટિક - આ આઠ પ્રકારની મૂર્તિઓ પ્રભુનું સ્વરૂપ છે. તેમાં મનોમય સિવાયની અર્ચાસ્વરૂપ પ્રભુની મૂર્તિઓ મંદિરોમાં પધરાવાય છે.

ભગવાન શ્રીહરિ ગઢડા પ્રથમ પ્રકરણનાં ૬૮મા વચનામૃતમાં કહે છે : 'અષ્ટ પ્રકારની મૂર્તિમાં ભગવાન અખંડ નિવાસ કરીને રહે છે.'

આદિ શંકરાચાર્યજીએ ઉત્તરમાં બદરીનાથમાં દક્ષિણના પૂજારીઓ અને પૂર્વમાં જગન્નાથમાં ગુજરાતના પૂજારીઓ એમ ચારે તીર્થોમાં સામસામેના પ્રદેશના પૂજારીઓ મૂકી રાષ્ટ્રીય એકતાનો સંદેશ આપ્યો છે.

મંદિરો દ્વારા તેમાં પ્રતિષ્ઠિત જે તે દેવોની ઉપાસના ઉપાસકના હૃદયમાં દૃઢ થાય છે અને ધર્મ પણ દૃઢ થાય છે.

પ્રતિષ્ઠા શબ્દનો અર્થ શ્રીમદ્ ભાગવત ઉપરની ભક્ત મનોરંજની ટીકામાં આ પ્રમાણે કર્યો છે કે, प्रकर्षेण तिष्ठत्यस्यां भगवानीति प्रतिष्ठा । અર્થાત્ જેમાં ભગવાન ઉત્કૃષ્ટ રીતે વિશેષપણે રહે છે તે પ્રતિષ્ઠિત પ્રતિમા કહેવાય.

મંદિરોમાં રામનવમી, જન્માષ્ટમી, હરિજયંતી, વસંતપંચમી, એકાદશી, રથયાત્રા, હીંડોળા, ધનુર્માસ, અન્નકૂટ વગેરે પર્વોત્સવો ભવ્યતાથી અને દિવ્યતાથી ઉજવાય છે, નહીંતર ત્રણસો ને પાંસઠે દિવસ એક સરખા થઈ જાત !

મંદિરો ભારતીય સંસ્કૃતિની ધરોહર છે. માનવજીવનમાં શ્રદ્ધા, દયા, અહિંસા, સત્ય વગેરે જેવા સદ્ગુણો, માનવજીવનના મૂલ્યો અને સંસ્કારોના

સિંચનમાં મંદિરોનો સિંહફાળો છે.

સદ્‌ગુણો અને સંસ્કારથી માનવજીવન ઉચ્ચ અને આદર્શ બને છે અને એ મંદિરે જવાથી મળે છે, મહેફિલમાં જવાથી નહીં!

આખા દિવસના થાકેલા મનુષ્યને મંદિરમાં આવીને હરિદર્શન, સ્તુતિ-પ્રાર્થના કરવાથી જે દિવ્ય શાંતિ અને નિરાંત અનુભવાય છે, એવી કોઈ પાર્ટીમાં કે પબમાં જવાથી નથી મળતી!

ભગવાન શ્રીસ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં આજ્ઞા કરી છે કે,

भगवन्मन्दिरं सर्वैः सायं गन्तव्यमन्वहम्।

नामसङ्कीर्तनं कार्यं तत्रोच्चैः राधिकापतेः॥

બધાએ નિત્ય પ્રત્યે સાંયકાળે ભગવાનનાં મંદિર પ્રત્યે જવું અને તે મંદિરને વિષે શ્રીરાધિકાજીના પતિ એવા જે શ્રીકૃષ્ણ ભગવાન તેના નામનું ઉચ્ચ સ્વરે કરીને કીર્તન કરવું.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સંતો દ્વારા મોટા મોટા ભવ્ય શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરાવી સ્વયં સ્વહસ્તે મૂર્તિ-પ્રતિષ્ઠાઓ કરી છે અને દેવો પધરાવીને એમની નિત્ય-નિયમિત સેવારીતિ પ્રવર્તાવી છે. સ્વયં પોતે મંદિરમાં દેવોની પૂજા કરતા-કરાવતા, દર્શન-પ્રદક્ષિણા કરતા અને દેવોનો મહિમા સમજાવતા.

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ હરિસ્મૃતિમાં એ વાતનો ઉલ્લેખ કર્યો છે,

એમ હરિ મંદિર કરાવી...દેગે દીઠા છે।
માંહી મૂર્તિયો પધરાવી...દેગે દીઠા છે॥
વળી હરિ મંદિરને ફરતાં...દેગે દીઠા છે।
સો સો પ્રદક્ષિણા કરતાં...દેગે દીઠા છે।
જોતાં મૂર્તિ સુંદર સારી...દેગે દીઠા છે।
ધાતુ પાષાણપટ પ્યારી...દેગે દીઠા છે॥ (૪-૨૦-૨૧)

મંદિરો શા માટે ?

કોઈ પણ દેશને દીર્ઘ કાળ સુધી ટકાવી રાખવાનો આધાર એની ભાષા અને સાહિત્ય સાથોસાથ એનો ઇતિહાસ અને સંસ્કૃતિ પણ છે. હજારો વર્ષોથી અનેક વિદેશી આક્રાંતાઓના આક્રમણ થવા છતાં એમને એમ ઊભેલા ભારતના મંદિરોને લીધે ભારતનો ઐતિહાસિક વારસો અને સંસ્કૃતિ અદ્યાપિ પર્યંત યથાવત્ ટકી રહ્યાં છે.

મંદિરો એકલા નથી ઊભા, મંદિરોની સાથોસાથ શાસ્ત્રોના સિદ્ધાંતો, સ્થાપત્ય, સંગીત વગેરે કલાઓ, પ્રણાલિકાઓ, દાતાઓની દાતારી, સંતોની સાધુતા, શૂરવીરોના ખમીર, ભક્તોની શ્રદ્ધા વગેરે અડીખમ ટકી રહ્યા છે.

ભારતનાં મંદિરોને અનેક વિધર્મી આક્રમણખોરોએ ઈર્ષ્યાથી તોડ્યા, તો પણ આજે એ દક્ષિણના તૂટેલાં મંદિરો પણ અનુપમ શિલ્પ અને અકલ્પનીય કલા-કારીગરીના સાક્ષીરૂપે અર્ધભગ્ન અવસ્થામાં પણ શ્રેષ્ઠ સમાજજીવન અને ઉત્કૃષ્ટ સાંસ્કૃતિક વારસાના પ્રહરી બની રહ્યા છે.

આજે પણ બદરિનાથ, દ્વારિકા, સોમનાથ, રામેશ્વર, જગન્નાથપુરી અને હવે અયોધ્યા શ્રીરામમંદિર વગેરે હિન્દુસ્તાનની એકતાને સુદૃઢ કરી રહ્યા છે.

નાનું એવું મંદિર બનતું હોય, એ પછી કોઈ પણ દેવી-દેવતાનું હોય પણ આજુબાજુના દરેક ભાઈ-બહેનો પછી એ કોઈ પણ સમાજના હોય, કોઈ પણ નાતના હોય, કોઈ પણ સંપ્રદાયના હોય, બધા દરેક ભેદભાવને ભૂલીને મંદિરના કાર્યમાં જોડાઈ જાય છે.

મંદિર સમાજની એકતાનું પ્રતીક છે. ભારતીય ધાર્મિક સમાજની એકતાને તોડવાના પ્રયાસો વર્ષોથી થતા આવ્યા છે, પણ મંદિરોને લીધે સમાજમાં એકતાનો તંતુ હજુ પણ સૂક્ષ્મ હોવા છતાં સુદૃઢ છે.

એક વાર એક રાજકીય આગેવાને કોઈ ધાર્મિક સંસ્થામાં માણસોની મોટી મેદની જોઈને મંદિરના સંતોને ઉદ્દેશીને કહ્યું કે, "સંતોએ મંદિરમાં બેસી ન રહેવું જોઈએ, ગામડે-ગામડે ફરીને સમાજમાં સંપ અને એકતા સ્થપાય એવો પ્રયાસ કરવો જોઈએ."

આ મહાશયની વાત સાંભળીને મંદિરના સુજ્ઞ અને સમજુ સંતે પ્રત્યુત્તર આપતા કહ્યું, "અમે સંતો તો દર વર્ષે સેંકડો ગામડાંઓમાં ફરીફરીને દરેક સમાજની ગામ સમસ્ત જાહેર સભાઓ કરીને સત્સંગ કરાવીએ છીએ અને અહીં મંદિરોમાં પણ નાત-જાત કે ઉચ્ચ-નીચના કોઈપણ પ્રકારના ભેદભાવ વગર સમૂહમાં બેસાડીએ છીએ, જમાડીએ છીએ, સૌને આદર સાથે આવકારીએ છીએ, પણ જ્યારે જ્યારે ચૂંટણી આવે ત્યારે રાજકારણીઓ ગામડે-ગામડે વર્ગવિગ્રહ ઊભો કરી કરીને અમારો આ પાંચ-પાંચ વર્ષનો દાખડો નિષ્ફળ કરી નાખે છે!"

પેલા સંતની સાચી અને વાસ્તવિક વાત સાંભળીને રાજકારણીની બોલતી બંધ થઈ ગઈ!

મંદિર તોડવું એટલે સમાજની એકતાને તોડવા બરાબર છે અને મંદિર બનાવવું એ સમાજને જોડવા સમાન છે, એટલે એક દૃષ્ટિએ મંદિર સમન્વયનો સેતુ છે, છતાં પણ આજના કેટલાક કહેવાતા આધુનિક મતિમંદ લોકોને મંદિર નિર્માણમાં થતો ખર્ચ વ્યર્થ લાગે છે.

ચૂંટણીમાં જીતવા માટે પ્રચાર-પ્રસારમાં કરોડો રૂપિયા વપરાય છે - એ ખર્ચાની ગણતરી નહીં અને મંદિર જેવા સત્કાર્યને ખોટો ખર્ચો ગણાવે.

બે થી ત્રણ કલાક જેવું તેવું મનોરંજન પીરસનારી ભારતમાં દર વર્ષે આઠસો ફિલ્મો બને છે, જેની પાછળ કરોડો રૂપિયાનું આંધણ થાય છે - એ સાર્થક લાગે છે અને મંદિર બનાવવા કરેલું દાન નિરર્થક લાગે છે!

આ બધા સમાજનું માનસિક, બૌધિક અને શારીરિક અધઃપતન નોતરતા ખર્ચા કરતાં મંદિરો શું ખોટા?

મંદિરમાં ઘંટારવ, કથા, કીર્તન, સુગંધ, પ્રસાદ, ચરણસ્પર્શ અને મૂર્તિદર્શનથી પાંચેય ઈન્દ્રિયોની તૃપ્તિ થાય છે અને ઈન્દ્રિયો બીજે ભટકે નહીં. ઘંટારવથી ભૌતિક વિચારોની શૃંખલા તૂટે છે અને કથાથી મન નિર્વિષયી થાય છે. પ્રભુને ચડેલાં પુષ્પો અને અગરબત્તીની પવિત્ર સુગંધથી અંતર પવિત્ર થાય છે. પ્રભુપ્રસાદથી મનની પવિત્રતા થાય છે. ચરણસ્પર્શથી દિવ્યતાનાં આંદોલનો પ્રવેશ કરે છે. કલાપૂર્ણ મંદિરનાં દર્શનથી સૌંદર્યપ્યાસી દૃષ્ટિ ને સાત્વિક આહાર મળે છે. પરમાત્માની મૂર્તિનાં દર્શનથી તેમને પામવાની અદમ્ય આકાંક્ષા જાગે છે. મંદિરથી મનની-અંતઃકરણની શુદ્ધિ થાય છે.

એક નાનકડાં મંદિરના તટસ્થ રીતે લાભ વિચારીએ તો જણાશે કે મંદિરથી શું મળે છે?

(૧) મનની શાંતિ માટે મંદિર.

(૨) શ્રદ્ધા-આસ્થાની અભિવ્યક્તિ માટે મંદિર.

(૩) ભજન-ભક્તિ માટે મંદિર.

(૪) આત્મકલ્યાણ માટે મંદિર.

(૫) સામાજિક અને ધાર્મિક એકતા માટે મંદિર.

(૬) સંસ્કૃતિને ટકાવી રાખવા માટે મંદિર.

(૭) વ્યાપક પરમાત્માના મૂર્તિરૂપે દર્શન કરવા માટે મંદિર.

(૮) સદાવ્રતો તેમજ આપત્તિ સમયે નાતજાતના ભેદભાવ વિના પીડાગ્રસ્ત જીવપ્રાણીમાત્રને મદદરૂપ થઈ વસુધૈવ કુટુમ્બકમ્ ની ભાવાભિવ્યક્તિ માટે મંદિર.

ભગવાન શ્રીસ્વામિનારાયણ મંદિરની સેવાનો મહિમા સમજાવતા કહે છે...

જેણે કરી મંદિરની સેવા રે, વળી પૂજ્યા સંત મુક્ત જેવા રે ।
કરી ભક્તિ અતિ ભલે ભાવે રે, તેને તુલ્ય કહો કોણ આવે રે ।।
એનું ફળ છે અક્ષરધામ રે, પામી થાશે તે પૂરણકામ રે ।
એ તો વાત છે સાચી સઘળી રે, શ્રીમુખથી મેં જો સાંભળી રે ।।

(પુ.પ્ર.૨૫-૧૯,૨૦)

મંદિરની ફળશ્રુતિઓ જોઈએ તો ઈશ્વરની ઉપાસનાની દૃઢ સમજ, ઉત્સવોનું સમાયોજન, સંસ્કારમય સમાજનું ઘડતર, માનવીની ભાવનાઓનું પોષણ વગેરે ગણાવી શકાય.

ઘણા લોકોના મનમાં પ્રશ્ન ઊઠતો હોય કે મૂર્તિમાં ભગવાન છે, તો મંદિર અને મૂર્તિઓને વિદેશી આક્રમણકારીઓએ તોડ્યા ત્યારે કેમ કોઈ ચમત્કાર ન સર્જાયો? જે ભગવાન સર્વની રક્ષા કરનારા છે, એ એમની મૂર્તિઓ કે મંદિરોની રક્ષા કેમ ન કરી શક્યા?

આ બધા તર્કો મનુષ્યની નકારાત્મક તાર્કિક બુદ્ધિની નીપજ છે. શું દુનિયામાં જેટલી વસ્તુઓનું અસ્તિત્વ છે એ બધું જ નરી આંખે જોઈ શકાય છે? અરે જેટલું દૃષ્ટિગોચર છે, એટલુંય મનુષ્ય જોઈ શકતો નથી! ટેલિવિઝનના તરંગોનું અસ્તિત્વ હોવા છતાં એ તરંગોને નરી આંખે જોઈ શકાતા નથી, મોબાઈલમાં આખી દુનિયાને જોઈ શકાય છે પણ મોબાઈલ ટાવરના તરંગોને પકડી શકાતા નથી, મૂર્તિમાં ભગવાન પ્રત્યક્ષપણે બિરાજમાન છે પણ એના માટે એને જોવાના દિવ્ય ચક્ષુ જોઈએ અને એનો અનુભવ થાય એવું ભક્તહૃદય જોઈએ.

આપણે એકબીજાના શરીરને જોઈ શકીએ છીએ, પણ શરીરની નસ-નાડીઓ કે અંદરનાં તંત્રને જોવા માટે તો સી.ટી.સ્કેન કે એમ.આર.આઈ.નાં યંત્રોની જરૂર પડે છે ! અરે આપણને તો લોહી માત્ર લાલ જ દેખાય છે પણ બ્લડ રિપોર્ટ કરાવીએ ત્યારે ખબર પડે કે લોહીમાં કેટલાં તત્ત્વો છૂપાયેલાં છે ! લોહીમાં કે શરીરમાં રહેલા સૂક્ષ્મ તત્ત્વોને માત્ર નિષ્ણાંત ડોક્ટર જ જોઈ શકે, એમ મૂર્તિમાં ભગવાનને ભક્ત જ જોઈ શકે.

કેટલાક માનવો સદ્‌ભાવથી મૂર્તિ અને મંદિરો સર્જે છે અને કેટલાક માનવો દુર્ભાવથી મૂર્તિ અને મંદિરો તોડે છે. ભગવાન ભક્તને આધીન છે, અભક્તને કે દુરાચારીને આધીન નહીં. કોઈ મંદિર કે મૂર્તિ બનાવે કે કોઈ મંદિર કે મૂર્તિ તોડે એનાથી ભગવાનને કશો ફરક નથી પડતો. ફરક મનુષ્યનાં કર્મ અને ફળમાં પડે છે. જે શુભ કર્મ કરે છે એને સારું ફળ મળે છે અને જે અશુભ કર્મ કરે છે એને ખરાબ ફળ મળે છે. ભગવાને મનુષ્યને કર્મની સ્વતંત્રતા આપી છે, ભગવાન કોઈને સર્જન કરતાંય રોકતા નથી અને કોઈને વિધ્વંસ કરતાંય રોકતા નથી, પણ આ જન્મે કે ભવિષ્યમાં કોઈ પણ જન્મે એનું ફળ જરૂર આપે છે. વિધ્વંસક સમાજના દુષ્કર્મોથી આજે વસુંધરાનો માનવસમાજ ત્રસ્ત અને આતંકિત થતો જાય છે, એ જ એનો પ્રત્યક્ષ પૂરાવો છે. મૂર્તિમાં બિરાજમાન ભગવાનની ઇચ્છાથી જ સૃષ્ટિમાં સર્જન અને સંહાર થાય છે, જો સૃષ્ટિસર્જન ભગવાનની લીલા હોય તો મૂર્તિ કે મંદિરોનો વિધ્વંસ એ પણ ભગવાનની એક લીલા જ છે, પછી એમાં નિમિત્ત કોઈ પણ હોઈ શકે !

કોઈ મંદિરો કે મૂર્તિઓ તોડે એનાથી ભગવાનના સામર્થ્યમાં કાંઈ ઓટ કે ખોટ નથી આવતી, ભગવાન તો સર્વસમર્થ અને સર્વતંત્ર-સ્વતંત્ર છે. મૂર્તિ અને મંદિરોનાં વિધ્વંસની સામે એવા અનેક દાખલાઓ છે કે મૂર્તિમાંથી ભગવાને પ્રગટપણે દર્શન આપ્યા હોય કે ભક્તના મનોરથ પૂરા કર્યા હોય !

મંદિરોની આવશ્યકતા અને ઉપયોગિતા

મહારાજે શિક્ષાપત્રીમાં દરરોજ સાંજે મંદિરે જવાની આજ્ઞા કરી છે, કારણ કે આખો દિવસ સંસારના કામધંધા કરીને થાકેલા માનવીને એક મંદિર જ શાંતિ અને સુખનો અનુભવ કરાવે છે.

શહેરના એટલે કે શહેરવાસીઓના કેન્દ્રસ્થાને મંદિર એટલે કે ભગવાન હોવા જોઈએ, જેથી જીવનની બધી પ્રવૃત્તિઓ શુભ ફળવાળી થાય.

મંદિર એટલે કેવળ દેવઘર નહિ. તેમાં કેવળ આરતી, પૂજા અને થાળ થતાં હોય અને ઘંટ, ઝાલર અને નગારાં વાગતાં હોય એવું નહિ, પણ મંદિર એ પ્રેમ, શાન્તિ અને સંવાદિતાનું સ્થાન છે.

મંદિર જીવનનું મધ્યબિંદુ છે. મંદિરને એટલે કે ભગવાનને મધ્યમાં રાખી જીવનની પ્રદક્ષિણા કરીએ તો ભવના ફેરા ટળી જાય.

તમિળમાં માન્યતા છે કે જે ગામમાં મંદિર ન હોય, તે ગામમાં રહેવું નહીં.

ગામ વચ્ચે જળાશય જોઈએ જેથી શહેરની ગરમ હવા જળાશય શોષી લે. તેમ જીવની ગરમી શોષી લે તેવાં મંદિરો પણ ગામ વચ્ચે જોઈએ.

મંદિરો માટે ગાંધીજી કહેતા : 'We, the human family, are not all philosophers. We are of the earth, very earthly, and we are not satisfied with contemplating the invisible God. So I ask you to approach temples not as if they represented a body of superstitions. We have to approach these temples in a humble and penitent mood.'

'આપણે મોટા તત્વજ્ઞાનીઓ નથી પણ સામાન્ય માનવો છીએ. આપણે સાવ પૃથ્વીના પાર્થિવ માનવો જ છીએ. આપણે ધામમાં રહેલા ભગવાનની આરાધનાથી સંતોષ પામતા નથી. તેથી હું તો કહું છું કે તમે મંદિરમાં જાવ. મંદિર એ અંધશ્રદ્ધાનું સ્થાન નથી. આપણે નમ્રતા અને પશ્ચાતાપની ભાવનાથી મંદિરમાં જવું જોઈયે.'

ડો. જ્યોર્જ મિશેલ - હિન્દુત્વ એક એવી જીવંત પ્રણાલી છે, જ્યાં મંદિરનું એક અતિ સામાન્ય સ્વરૂપ પણ એ સમમજાવવા માટે પૂરતું છે કે માણસ હજુ પણ ભગવાન સાથે સંપર્ક સાધી શકે છે (The Hindu temple, Publication- Elek Book Ltd, London-1997, page no-14,183)

જર્મનીનાં પ્રસિદ્ધ વિદૂષી અને ભારતીય મંદિર સ્થાપત્યનાં પ્રખર અભ્યાસી સ્ટેલા કેમરીશે મંદિરનો મહિમા ગાતાં મંદિરને 'ભારતીય જીવનનું કેન્દ્ર' કહ્યું છે તે યથાર્થ છે. તેમના મતે ભારતમાં સામાજિક, સાંસ્કૃતિક કે

આધ્યાત્મિક, કોઈપણ પ્રવૃત્તિમાં; મહોત્સવો, નૃત્યો, સંગીત કે આધ્યાત્મિક સત્સંગ ગોષ્ઠિઓનું સ્થાન એટલે મંદિર. જો ભારતના લોકોના જીવનમાંથી મંદિરની બાદબાકી કરવામાં આવે, તો એ લોકો શૂન્યાવકાશ અનુભવશે અને શૂન્યાવકાશમાં કોઈ જ જીવી શકતું નથી.

મંદિરમાં સૌ ભેગા થાય એટલે દૈવી ભાતૃભાવ કેળવે. ગુરુતા અને લઘુતાગ્રંથિઓ દૂર થઈ જાય. મંદિર એ સમષ્ટિગત સેતુ છે.

મંદિર શાશ્વત છે. પેઢીઓની પેઢીઓ સુધી મનુષ્યોને પ્રેરણા આપે છે. બદ્રીનાથ, કેદારનાથ, જગન્નાથ, દ્વારકા, રામેશ્વર વગેરે મંદિરો બંધાયે સેંકડો વર્ષો થયાં છે. લાખો લોકો દર વર્ષે આ બધાં તીર્થોની યાત્રા કરે છે અને સદ્ધર્મની પ્રેરણા પામે છે.

ભારતમાં લાખો મંદિરો છે. ભારતને એક તાંતણે જો કોઈએ પણ બાંધ્યું હોય, તો તે મંદિરોએ બાંધ્યું છે. યાત્રિક ગંગોત્રીથી ગંગાજળની કાવડ લઈને રામેશ્વર ઉપર તેનો અભિષેક કરે છે. પૂર્વના રહેવાસીને પશ્ચિમના અને પશ્ચિમના રહેવાસીને પૂર્વનાં મંદિરોનાં દર્શનની સતત અભિલાષા રહે છે. રાષ્ટ્રીય એકતામાં આ મંદિરોનો ફાળો અમૂલ્ય છે.

શ્રીહરિના ત્રણ કલ્યાણકારી સંકલ્પો

એકવાર ભગવાન શ્રીસ્વામિનારાયણ ગઢપુરમાં દાદા ખાચરના દરબારગઢમાં અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. ભગવાન શ્રીસ્વામિનારાયણ બેઠા બેઠા પોતાના અવતારી કાર્યનો વિચાર કરવા લાગ્યા.

જેહ કારણ હું આવિયો, તે થયું સરવે કાજ।
કેડે કરવા નવ રહ્યું, એમ મને વિચાર્યું મહારાજ॥
(ભ.ચિં.૧૬૦-૨)

૭ વર્ષ સુધી ભૂતાન, ચીન, નેપાળ, તિબેટ, બાંગલાદેશ જેવા અનેક દેશો અને સમગ્ર ભારતમાં પગપાળા પરિભ્રમણ કરી તપ, અનુષ્ઠાન અને બ્રહ્મચર્ય આદિ ધર્મોનું પાલન કરી અનેક મુમુક્ષુઓને મોક્ષનો માર્ગ બતાવ્યો, અધર્મનો ઉચ્છેદ કર્યો અને તીર્થોને તીર્થત્વ પ્રદાન કર્યું.

ગુરુ રામાનંદ સ્વામીના ધામમાં સિધાવ્યા પછી તુરત જ સ્વયં સ્વમુખે સ્વામિનારાયણ મહામંત્રનો ઉદ્‌ઘોષ કરી અનેક મુમુક્ષુઓને ભવસાગર પાર ઊતરવા યાવત્ચંદ્રદિવાકરૌ નામરૂપી નાવનો આધાર આપ્યો.

માંગરોળમાં સહજ સમાધિ પ્રકરણ પ્રવર્તાવી પોતાનું અમોઘ ઐશ્વર્ય પ્રગટ કર્યું, જે એમને સર્વોપરી ભગવાન સિદ્ધ કરે છે.

અનેક અવરોધો, વિરોધો અને ક્યારેક તો જીવલેણ હુમલાઓ વચ્ચે પણ નિર્ભયતાથી દેશ-પ્રદેશોમાં સતત વિચરણ કરી જનકલ્યાણનો પુરુષાર્થ કર્યો.

જ્યારે કોઈ યાતાયાતના સાધનો નહોતાં, એવા સમયમાં પોતે સ્વયં અને પોતાના પરમહંસોને આજ્ઞા કરી અનેક અગવડતાઓ વેઠી મહાગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છેક દક્ષિણ ભારતના સીમાડા સુધી સત્સંગ-પ્રચાર કર્યો.

દારૂ, માંસ, ચોરી, વ્યભિચાર, વટાળપ્રવૃત્તિ વગેરે નહીં કરવાના પંચ-વર્તમાન આપી સંસારને નીતિમાન ગૃહસ્થ સમાજની ભેટ આપી.

હિંસામય યજ્ઞોનો વિરોધ કરી અનેક મોટા મોટા અહિંસામય યજ્ઞો કરાવી વૈદિક અહિંસાનું પ્રવર્તન કર્યું.

જે હાથમાં તીર-કામઠાં, તલવારો, ભાલા-બંદૂકો રહેતી એ હાથમાં માળા ફરતી કરી.

સમાજને વહેમ, વ્યસનો અને અંધશ્રદ્ધાની નાગચૂડમાંથી મુક્ત કર્યો.

બાળહત્યા, દીકરીને દૂધપીતી કરવી, સતી થવું વગેરે કુરિવાજો બંધ કરાવ્યા.

વાવ, તળાવ, કૂવા ગળાવી ધાર્મિક સમાજને પણ સર્વજીવહિતાવહ સેવા-પ્રવૃત્તિઓ કરવાની ફરજ બતાવી.

સમાજના નાનામાં નાના વર્ગને નિર્વ્યસની અને સદાચારી બનાવી ઉજળો અને શ્રેષ્ઠ સાબિત કર્યો.

નિર્માન, નિર્લોભ, નિઃસ્વાદ, નિઃસ્નેહ અને નિષ્કામ એ



પંચ-વર્તમાન પાળનારા ૨૦૦૦ જેટલા સાચા ત્યાગી સંતોની ફોજ તૈયાર કરી સમાજને કલ્યાણકારી પરમહંસોની મોટી ભેટ આપી.

ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યે સહિત ભક્તિનું પ્રવર્તન કરી ભાગવત ધર્મની સ્થાપના કરી.

ચિંતામણિ સમાન પોતાની મૂર્તિના ધ્યાનથી અનેકને નિરાવરણ સ્થિતિ અને નિરાવરણ દૃષ્ટિ આપી.

જન્માષ્ટમી-રામનવમી, દિવાળી-હોળી વગેરે ઉત્સવોનું શુદ્ધિકરણ કરી ઉત્સવોની વિશુદ્ધ પરંપરાને પુનર્જીવિત કરી.

સત્શાસ્ત્રોના સાગરનું મંથન કરી શિક્ષાપત્રી રૂપી આચાર ગ્રંથ અને વચનામૃત રૂપી દર્શન ગ્રંથનું સ્વયં નિર્માણ કર્યું-કરાવ્યું.

પોતાના પરમહંસો પાસે પ્રસ્થાનત્રયી ઉપરના ભાષ્યો રચાવી સિદ્ધાંત અને પ્રમાણ પ્રકરણ સ્પષ્ટ કર્યા.

ભારતીય દર્શનધારાઓનો સુભગ સમન્વય સાધી જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મ એ પાંચ અનાદિ તત્ત્વભેદનો નૂતન ખ્યાલ આપ્યો.

પોતે સ્વયં અને સંતો દ્વારા અનેક શાસ્ત્રાર્થો કરી-કરાવી સંપ્રદાયને વૈદિક અને સનાતન સાબિત કર્યો.

ત્યાગી-ગૃહી પુરુષો માટે ધર્મકુળના આચાર્ય અને સ્ત્રીઓ માટે આચાર્યપત્નીઓને મંત્ર-દીક્ષા આદિનું બંધારણ બાંધી સ્ત્રી-પુરુષોની મર્યાદા અને ઉત્કર્ષ બેય સાધ્યા. એક આશ્ચર્યની વાત એ હતી કે, ભગવાન શ્રીસ્વામિનારાયણના સમયમાં લાખો લોકો એમને ભગવાન તરીકે માનતા, પૂજતા અને ઉપાસના કરતા.

ભગવાન શ્રીસ્વામિનારાયણના ૪૯ વર્ષના જીવનના ખૂબ ટૂંકા કાર્યકાળમાં ૨૦ વર્ષ તો બાળલીલા અને વન-વિચરણમાં વ્યતીત થયા, માત્ર ૨૫થી ૩૦ વર્ષના ટૂંકા ગાળામાં એમણે આ ઐતિહાસિક, અકલ્પનીય અને અશક્ય ભગીરથ કાર્ય સિદ્ધ કર્યું. એમનું આ અસાધારણ કાર્ય પણ એમનું ભગવાનપણું ચરિતાર્થ કરે છે.

ખૂબ અલ્પ કાળમાં આટલું મોટું ભગીરથ કાર્ય સિદ્ધ કરી અવતારકાર્યના અંતિમ પડાવે ભગવાન શ્રીસ્વામિનારાયણ ભવિષ્યનો વિચાર કરે છે. સદ્‌ગુરુ શતાનંદ સ્વામી સત્સંગિજીવન ગ્રંથમાં લખે છે,

धृत्वावतारं यत्कार्यं, तत्कृतं सकलं किल ।

तथापि भाविनां नृणां, कार्यं किञ्चिद्धितं मया ॥

શ્લોકાર્થ : મેં આ અવતાર ધારણ કરી જે કાર્ય કરવા યોગ્ય હતું તે સર્વે પૂર્ણ કરી લીધું છે, તો પણ ભવિષ્યમાં થનાર મનુષ્યોનું કાંઈક હિત મારે કરવું.

ભગવાને વિચાર્યું કે, મારા ગયા પછી મારા આશ્રિતોને કલ્યાણના આધાર માટે અને ભવિષ્યના મુમુક્ષુઓના કલ્યાણ માટે કંઈક કરતો જાઉં.

એક સામાન્ય ગૃહસ્થ પણ ભવિષ્યની પેઢી માટે કંઈ ને કંઈ વિચારતો હોય. દરેક પિતા ભવિષ્યનો વિચાર કરી પોતાના પુત્ર માટે કંઈક ને કંઈક કરતા જાય. ઘણા બેંકબેલેન્સ કરતા જાય, ઘણા ફેક્ટરી કરતા જાય, ઘણા બંગલો બાંધતા જાય, ઘણા ઘરેણું કરતા જાય અને ઘણા લેણું કરતા જાય ! કેટલાક દેવું પણ કરતા જાય ! ઘણા સાત પેઢીનું કરતા જાય, ઘણા સીત્તેર પેઢીનું પણ કરતા જાય ! ઘણા પેઢીને તારતા જાય અને ઘણા પેઢીને ડૂબાડતા જાય !

ભગવાન શ્રીસ્વામિનારાયણનો વિચાર ભવિષ્યના મુમુક્ષુઓની અનેક પેઢીઓનો ઉદ્ધાર થઈ જાય એવો હતો. શું હતો એ વિચાર ? એ કલ્યાણકારી વિચાર કયો હતો ?

ભગવાન શ્રીસ્વામિનારાયણ યાવત્ચંદ્રદિવાકરૌ અનેક મુમુક્ષુઓનું કલ્યાણ થતું રહે એ માટે ત્રણ સંકલ્પો કર્યા.

(૧) મંદિરો બંધાવી એમાં મૂર્તિઓ પધરાવવી.

(૨) ધર્મકુળમાં આચાર્યપદની સ્થાપના કરવી.

(૩) શાસ્ત્રરચના કરવી-કરાવવી.

ભગવાન શ્રીસ્વામિનારાયણે સ્વધામગમન પહેલાં આ ત્રણ સંકલ્પો પૂરા કરીને પોતાનું અવતારીકાર્ય પૂર્ણ કર્યું હતું.

ભગવાન શ્રીસ્વામિનારાયણના મંદિર નિર્માણના એક સંકલ્પનો સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિ ગ્રંથમાં ઉલ્લેખ કર્યો છે.

પછી નાથે વિચાર્યું અંતરે, જ્યારે હું નહિ હઉં આ ધરે ।
ત્યારે મારા આશ્રિત નરનાર, થાશે નિરાલંબ નિરધાર ।
માટે એને કરું આલંબન, બીજાં થાશે જે આગળ્યે જન ।
તેનાં કલ્યાણ કરવા સારું, કરી મંદિર મૂર્તિયો બેસારું ।
॥૧૦૧-૩૫॥

ગ.મ. ૨૭મા વચનામૃતમાં શ્રીજી મહારાજ સ્વમુખે મંદિરોમાં દેવોની પ્રતિષ્ઠા પાછળનો હેતુ જણાવતા કહે છે કે, "અમે વિચારીને જોયું જે, જે અતિશય ત્યાગ રાખે અથવા દયા રાખે તેથી ભગવાનની ભક્તિ થાય નહીં; ત્યારે ઉપાસનાનો ભંગ થાય છે અને પૂર્વે જે જે અતિશય ત્યાગી થયા છે તેના માર્ગમાં ઉપાસનાનો નાશ થઈ ગયો છે. માટે અમે એમ વિચારીને પરમેશ્વરની ઉપાસના રહેવા સારુ ત્યાગનો પક્ષ મોળો કરીને ભગવાનનાં મંદિર કરાવ્યાં છે. તેમાં જો થોડો ત્યાગ રહેશે તો પણ ઉપાસના રહેશે, તો તેણે કરીને ઘણાક જીવનાં કલ્યાણ થશે."

કવિ ન્હાનાલાલ કહે છે : "સ્વામિનારાયણ સંપ્રદાયનાં મંદિરોમાંનું ધાર્મિક વાતાવરણ એના સંતમંડળની સાધુતા ને વૈરાગ્ય, એના સાંપ્રદાયિકોની ઉજળામણ, એના

ઉત્સવોમાં ઉત્સાહ અને પ્રેરણાપુર, એની વિધિ-નિષેધની સદાવરણીયતા, અન્ય સંપ્રદાયો પ્રત્યેની એની ઉદાર મહાનુભાવિતા, એના પૂજાવિધાનની નિર્મળતા, પાવનકારિતા, એના મઠમાંની શાસ્ત્ર-કથાઓ, પાઠશાળાઓ, જ્ઞાનવાર્તાઓ, એ ઉપરાંત સંપ્રદાયનું સવિશેષ ધર્મરહસ્ય એ છે કે સંસારના અગ્નિ જ્યાં હોલવાય એ ધર્મમંદિર.''

''સંસારનાં ઝેર ઊતારે નહીં એ ધર્મ નથી, ધર્મમંદિર નથી. મુંબઈ કે અમદાવાદ જેવી પ્રવૃત્તિપરાયણ નગરીમાં ક્યારેક જઈને સ્વામિનારાયણ સંપ્રદાયના મંદિરની ઘુમ્મટ-ઘટા નીચે બેસી આવજો અને ત્યાં તમને લાગે કે અંતરીક્ષમાંથી શીતળતાનાં બુંદ વરસે છે, આત્મા ઠરે છે, અંતરને ટાઢક વળે છે. ઉરનાં અને અંગનાં અગ્નિ શાંત પડે છે!''

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાની હયાતીમાં સ્વહસ્તે અમદાવાદ, વડતાલ, ભુજ, ધોલેરા, જૂનાગઢ, ગઢપુર વગેરે અનેક સ્થાનોમાં વિશાળ શિખરબદ્ધ મંદિરોના નિર્માણ કરાવી એમાં સનાતન ધર્મના દેવોને પ્રતિષ્ઠિત કર્યા છે.

સ્વામિનારાયણ ભગવાને પધરાવેલા અવતાર સ્વરૂપો સ્વામિનારાયણ ભગવાનની ધાર્મિક ઉદારતાનું દર્શન કરાવે છે અને હિન્દુ ધર્મના એકેશ્વરવાદને પુષ્ટ કરે છે. ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં સનાનત ધર્મની પંચાયતન દેવોની ધર્મધારાઓને આદરથી પૂજવાની આજ્ઞા કરી છે,

विष्णुः शिवो गणपतिः पार्वती च दिवाकरो ।

एताः पूज्यतया मान्या देवता पञ्च मामकैः ॥ (શિક્ષાપત્રી-૮૪)

ભગવાન શ્રીવિષ્ણુ, ભગવાન ભોળાનાથ, વિઘ્નવિનાયક દેવ ગણપતિદાદા, મહાશક્તિ મા પાર્વતીજી અને સૂર્યનારાયણ ભગવાન - આ પંચ દેવોને પૂજ્યપણે માનવા. એટલું જ નહીં ભગવાન શ્રીસ્વામિનારાયણ જે કુળમાં પ્રગટ થયા એ ધર્મકુળમાં કષ્ટભંજન દેવ શ્રીહનુમાનજી મહારાજની કુળદેવ તરીકે ઉપાસના થતી આવી છે.

ભગવાન શ્રીસ્વામિનારાયણે પોતાની ઉપસ્થિતિમાં જે જે મંદિરોના નિર્માણ કરાવ્યા, એમાં સનાતન હિન્દુ ધર્મના આ પંચાયતન દેવો અને હનુમાનજી મહારાજની પ્રતિષ્ઠાઓ કરી છે. આ દૃષ્ટિએ શ્રીજી સ્થાપિત મંદિરો સનાતન ધર્મનું પૂર્ણ સ્વરૂપ છે.

મંદિર નિર્માણનો સંકલ્પ

એક વાર ભગવાન શ્રીસ્વામિનારાયણ સંતો-ભક્તોના સંઘ સાથે વડતાલ પધાર્યા હતા. શ્રીજી મહારાજનો આશરો સ્વીકારીને ભારાડીમાંથી એકાંતિક ભક્ત થયેલા જોબન પગીની મેડીએ મહારાજનો ઉતારો હતો. સંતો-ભક્તોના ઉતારા ગામને સીમાડે વૃક્ષોની છાયામાં હતા, જ્યાં આજે જ્ઞાનબાગ છે. જોબન પગીની મેડીએ દરરોજ સવાર-સાંજ કીર્તન-ભક્તિ અને સત્સંગ થતો. સભામાં શ્રીજી મહારાજ નિત નવી સદાચારની વાતો

કરતા.

એક વાર સવારે પ્રાતઃસ્નાનાદિ વિધિ પૂર્ણ કરી શ્રીજી મહારાજ જોબન પગીની મેડીએ હરિભક્તોની સભા ભરીને બેઠા હતા. સભામાં સુરા ખાચર, જોબન પગી વગેરે ભક્તો ઉપસ્થિત હતા. શ્રીજી મહારાજ જ્ઞાનવાર્તા કરી રહ્યા હતા.

એવામાં વાતવાતમાં મહારાજ બોલ્યા, "ચાલો, હવે જઈએ !" શ્રીજી મહારાજના સખા સુરા ખાચરે પૂછ્યું, "મહારાજ ! સવારના પહોરમાં ક્યાં પધારવું છે ?"

મહારાજ કહે, "અમારે અમારે ઘેર જવું છે !"

શ્રીજી મહારાજની ઘેર જવાની વાત સાંભળી સભામાં ઉપસ્થિત સૌ કોઈને આશ્ચર્ય થયું. સ્વામિનારાયણ ભગવાન નીલકંઠ વર્ણી વેષે અયોધ્યા-ઉત્તર પ્રદેશથી ઘર છોડીને નીકળ્યા ત્યારથી ક્યારેય ઘર યાદ કર્યું નહોતું અને અહીં ગુજરાતમાં આવ્યા પછી પણ કોઈ સ્થાનકે ઘર કરીને રહ્યા નહોતા, એટલે એમની ઘેર જવાની વાત સાંભળીને સાંભળનારને આશ્ચર્ય થાય એ સહજ છે.

ઉપરાંત, જોબન પગીએ પોતાના ઘરબાર બધું શ્રીજીને સમર્પિત કરી દીધું હતું. વડતાલ ખાતે જોબન પગીની મેડી એ શ્રીજી મહારાજનો કાયમનો ઉતારો હતો.

શ્રીજી મહારાજની ઘેર જવાની વાત સાંભળીને જોબન પગીને મનમાં થયું કે, આ મારું ઘર એ મહારાજનું જ ઘર છે તો શ્રીજી મહારાજ કયા ઘેરે જવાનું કહે છે ? અહીં મહારાજની સરભરામાં કાંઈ ઊણપ આવી કે શું ? એટલે જોબન પગીએ બે હાથ જોડીને કહ્યું, "હે મહારાજ ! અમે દાદા ખાચર જેવા કોઈ મોટા ગામધણી નથી, નથી અમારે કોઈ મોટા મોટા દરબારગઢ, પણ અમારી પાસે જે કંઈ છે એ બધું આપનું છે. આ ઘરબાર અને હું પણ આપને સમર્પિત છું. આ આપનું જ ઘર છે, આપની સેવામાં કાંઈ ઊણપ આવી હોય તો ક્ષમા કરજો અને આપ કાયમ અહીં ઘર માનીને રહો એવી અમે પ્રાર્થના કરીએ છીએ."

જોબન પગીનો સમર્પણ ભાવ જોઈને શ્રીજી મહારાજ પ્રસન્નતાપૂર્વક મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, "પગી ! અમે આ તમારા ઘરની વાત નથી કરતા, અમે અમારા કાયમી ઘરની વાત કરીએ છીએ, અમારે અમારે ઘેરે જવું છે !"

શ્રીજી મહારાજના મુખે એમના કાયમી ઘરે જવાની વાત સાંભળીને હરિભક્તોના અંતરમાં ફાળ પડી ! ક્યાંક મહારાજ પોતાના અક્ષરધામમાં જવાની વાત તો નથી કરતાંને ?

પ્રેમી ભક્ત જોબન પગીથી ન રહેવાણું, એટલે એમણે પૂછ્યું, "મહારાજ ! તમે અમારા પ્રાણ આધાર છો, અમને તરછોડશો નહીં. અમને એકલા છોડીને ક્યાંય ન જશો."

જોબન પગીનો પ્રેમભાવ જોઈને શ્રીજી મહારાજ કહે, "જોબન ! ચાલો, આપણે બધા સાથે અમારે ઘેર જઈએ."

જોબન પગીએ ખૂબ ખચકાટ સાથે પૂછ્યું, "હે મહારાજ ! એવું તે તમારું ઘર વળી ક્યાં છે ?"

શ્રીજી મહારાજે કહ્યું, "ગામને સીમાડે અહીંથી ઉગમણી કોરે મોટો આંબલો છે, જ્યાં અમારા પરમહંસો ઉતર્યા છે, એ અમારું ઘર છે, અમારે ત્યાં જવું છે."

શ્રીજી મહારાજના મુખે ઘરની સ્પષ્ટતા થતાં હરિભક્તોના હૈયાં હેઠાં બેઠા અને સૌ શ્રીજી સાથે ચાલવા તત્પર થયા.

શ્રીજી મહારાજ સુરા ખાચર, જોબન પગી વગેરે સૌ હરિભક્તોને સાથે લઈ ગામને સીમાડે ઉગમણી કોરે સંતોના નિવાસ તરફ ચાલ્યા. મહારાજને આવતા જોઈ પરમહંસોએ તાબડતોબ આંબલા નીચે ચાર-પાંચ ધાબળીઓ પાથરી મહારાજને બેસવા આસન કરી દીધું. શ્રીજી મહારાજ આંબલાની છાયામાં આસન ઉપર બિરાજમાન થયા. પરમહંસો દંડવત પ્રણામ કરી મહારાજની સામે બેસવા લાગ્યા. જોતજોતામાં પરમહંસોની મોટી સભા ભરાઈ ગઈ.

શ્રીજી મહારાજની સન્મુખ ગોપાળાનંદ સ્વામી, મુક્તાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી, બ્રહ્માનંદ સ્વામી, મહાનુભાવાનંદ સ્વામી, ગુણાતીતાનંદ સ્વામી વગેરે મોટો મોટા સંતો બેઠા. શ્રીજી મહારાજે સદ્‌ગુરુ મુક્તાનંદ સ્વામીને ઉદ્દેશીને વાત માંડી, "આપણે મંદિર કરીએ તો ઉપાસના રહે અને હજારો જીવોનો મોક્ષ થાય."

પરમહંસોની સભામાં શ્રીજી મહારાજ આજે પ્રથમ વખત મંદિર નિર્માણની વાત કરી રહ્યા હતા અને એ પણ મુક્તાનંદ સ્વામી વગેરે મોટા મોટા સદ્‌ગુરુ સંતોની ઉપસ્થિતિમાં પોતાનાં હૃદયનો સંકલ્પ રજૂ કરી રહ્યા હતા.

મુક્તાનંદ સ્વામી સંપ્રદાયમાં સત્સંગની મા સમાન હતા અને સદ્‌ગુરુ રામાનંદ સ્વામી વખતના જૂના શિષ્ય હતા. ઉંમરની દૃષ્ટિએ અને ગુરુ-શિષ્ય પરંપરાની દૃષ્ટિએ મુક્તાનંદ સ્વામી શ્રીજી મહારાજ કરતાં મોટા હતા, છતાં મુક્તાનંદ સ્વામી શ્રીજીના શિષ્ય તરીકે જ સદા વર્ત્યા હતા, પણ શ્રીજી મહારાજ જ્યારે જ્યારે સંપ્રદાયમાં કોઈ નવાં કાર્યનો વિચાર કરતા કે નવું કાર્ય કરતાં ત્યારે મોટા ભાગે મુક્તાનંદ સ્વામી વગેરે સંતોનો અભિપ્રાય પૂછતા અને એમની સાક્ષી પણ લેતા.

સંપ્રદાયમાં હજુ કોઈ શિખરબદ્ધ મંદિર બંધાયું નહોતું. આજે વડતાલને સીમાડે આંબલાના ઝાડ નીચે શ્રીજી મહારાજ સૌ પ્રથમવાર મંદિર નિર્માણનો સંકલ્પ પોતાના પરમહંસો સમક્ષ રજૂ કરી રહ્યા હતા.

શ્રીજી મહારાજની વાત સાંભળીને મુક્તાનંદ સ્વામીએ હાથ જોડીને કહ્યું, "મહારાજ ! આપનો દરેક સંકલ્પ સિદ્ધ થાય છે, પણ પ્રભુ ! મંદિરમાં કરીએ તો મંદિરમાં વાસીદું વાળવું, વાસણ માંજવાં, અનાજ દળવા, પાણી ભરવા વગેરે સેવાકાર્યમાં બહેનોનો પ્રસંગ ઊભો થાય, એ ઠીક નહીં. મંદિરમાં રહેતા સાધુની ધર્મમર્યાદા સચવાય એ માટે શું કરવું ?"

મુક્તાનંદ સ્વામીની વાતમાં સંપ્રદાયના ભવિષ્યની ચિંતાનો અને સંતોની મર્યાદાનો પડઘો પડતો હતો. સત્સંગની મા સમાન મુક્તાનંદ સ્વામી આવી ચિંતા કરે એ યોગ્ય છે.

સ્વામીની વાત સાંભળી શ્રીજી મહારાજ બોલ્યા, "સ્વામી ! આપણે મંદિરમાં અનાજ દળવા માટે ઘંટલો રાખીશું તે બળદથી અનાજ દળાશે, પાણીનો કૂવો ભંડાર પાસે જ કરીશું, એટલે પાણી ભરવા ક્યાંય દૂર જવું નહીં પડે, સાધુ દાણા સમા કરશે અને પાળા વાસીદું વાળશે એટલે સાધુની મર્યાદા પણ સચવાશે અને મંદિરનાં કામ પણ થશે. અમે મંદિર કરાવીને સાધુને ધર્મસંકટ થાય એવું નહીં કરીએ, માટે સ્વામી ! મંદિર તો ગામ વચ્ચે પણ વન જેવું થાશે !"

શ્રીજી મહારાજની વાત સાંભળી મુક્તાનંદ સ્વામી બે હાથ જોડી બોલ્યા, "ભલે ભલે મહારાજ ! આપ સત્યસંકલ્પ છો. તમારું વચન સત્ય થાઓ." (હ.ચ.ચિં. ૩ ૧ ને આધારે)

આ રીતે વડતાલને સીમાડે, ઊગમણી કોરે, આંબલાના ઝાડ નીચે, પરમહંસોની સભામાં સ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયમાં સૌપ્રથમ શિખરબદ્ધ મંદિરોનાં નિર્માણ કરવાનો સંકલ્પ કર્યો અને સંતોને ઠેર ઠેર મંદિરો કરાવવાની આજ્ઞા કરી.

નિષ્કુળાનંદ સ્વામીએ શ્રીજી મહારાજનાં મંદિરનિર્માણના આ શુભ સંકલ્પનો ઉલ્લેખ પુરુષોત્તમ પ્રકાશમાં કર્યો છે.

મંદિર કરાવું મોટાં અતિ, મૂર્તિયો બેસારૂં માંય।
સુગમ સહુ નરનારને, પૂજે સ્પરશે લાગે પાય॥
માટે દેશો દેશમાં દેવળે રે, માંડો સારી મૂર્તિયો સઘળે રે।
એહ મૂર્તિનાં દર્શન કરશે રે, તે તો અપાર પ્રાણી ઉદ્ધરશે રે॥૬॥
પછી સંત જોઈ જોઈ જાગ્યા રે, દેશો દેશ દેરાં કરવા લાગ્યા રે।
જે જે દેશમાં દેવળ થયાં રે, તે તે દેશમાં જન જે રહ્યાં રે॥૧૧॥
તે તો ઉત્સવ સમૈયા માથે રે, આવે સહુ દરશને સાથે રે।
કરી દર્શન પ્રસન્ન થાય રે, મુખે સ્વામિનારાયણ ગાય રે॥૧૨॥

લાગે વૈકુંઠથી રૂડું વડતાલ

વડતાલ એટલે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયનું મુખ્ય મથક. આમ તો ચરોતર પ્રદેશ લીલોછમ અને પાણીદાર છે. ચરોતર પ્રદેશમાં શ્રીસ્વામિનારાયણ ભગવાનના સત્સંગનું કેન્દ્ર એટલે વડતાલ. શ્રીજી મહારાજને વડતાલ ખૂબ વ્હાલું છે.

નિષ્કુળાનંદ સ્વામીએ ભક્તચિંતામણિમાં ભગવાન શ્રીસ્વામિનારાયણનો વડતાલ પ્રત્યેનો પ્રેમ અભિવ્યક્તિ કર્યો છે.

વાલ્યમ કહે વરતાલ જેવું, નથી બીજું કોઈ ગામ।
સતસંગના મધ્યમાં, સુંદર છે એહ ઠામ॥
(ભ.ચિં. ૭૪-૧૫)

જેમ ગાંધીજીની હડતાલ પ્રસિદ્ધ છે, નરસિંહ મહેતાની કડતાલ પ્રસિદ્ધ છે, એમ સ્વામિનારાયણનું વડતાલ સુપ્રસિદ્ધ છે.

શ્રીમદ્ સત્સંગિજીવનમાં સદ્‌ગુરુ શતાનંદ સ્વામી લખે છે,



वृत्तालये स भगवान् जयतीह साक्षात्।

(स.જી. ૫-૬૮-૮૮)

વડતાલની ભૂમિ શ્રીજી મહારાજની ચરણરજથી અંકિત થયેલી છે. શ્રીહરિલીલામૃતમાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ લખે છે,

ગામમાંઈ તથા સીમમાંઈ, નથી રમણ દેતી વિના કટાંઈ ।
ઝાડે ઝાડે તથા દોર દોર, વિચર્યા છે પ્રભુ છડી ઘેર ।।

(હ.લી. ૧-૧૩-૫૭)

ભગવાન શ્રીસ્વામિનારાયણે કોઈ સ્થળે જન્માષ્ટમી, ક્યાંક રામનવમી, ક્યાંક પુષ્પદોલોત્સવ, ક્યાંક દિવાળી વગેરે અલગ-અલગ ગામોમાં અનેક ઉત્સવો ઉજવ્યા હતા, પણ એક ગામ એવું છે કે જ્યાં આખા વર્ષના બધા જ ઉત્સવો ઉજવ્યા હતા અને એ છે વડતાલ ધામ. ગઢડામાં શ્રીજી મહારાજ વધારે સમય રોકાયા, ત્યાં અનેક ઉત્સવો પણ ઉજવ્યા, છતાં વર્ષની બધી એકાદશીઓના ઉત્સવ શ્રીજી મહારાજની હાજરીમાં નથી થયા, જ્યારે વડતાલમાં વર્ષની બધી જ એકાદશીઓના ઉત્સવો સ્વામિનારાયણ ભગવાને ઉજવેલા છે!

શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના મુખ્ય અને મહત્ત્વપૂર્ણ કાર્યો અહીં વડતાલ ધામમાં થયા છે.

વિ. સં. ૧૮૬૮ કાર્તિક વદ-૪ વડતાલમાં સૌપ્રથમ સંતોના મંડળ બાંધ્યા અને જોડ્યમાં રહેવાની આજ્ઞા કરી.

વિ. સં. ૧૮૭૫ ફાગણ સુદ-૧૧ સૌપ્રથમ ધર્મકુળનું આગમન વડતાલમાં થયું.

વિ. સં. ૧૮૮૧ કાર્તિક સુદિ-૧૨ વડતાલ મંદિરમાં સ્વહસ્તે સ્વસ્વરૂપની અને અન્ય મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી.

વિ. સં. ૧૮૮૨ કાર્તિક સુદ-૧૧ વડતાલમાં બે દેશ વિભાગ કરી બે આચાર્યોની સ્થાપના કરી.

વિ. સં. ૧૮૮૨ મહા સુદ-૫ (વસંત પંચમી) વડતાલમાં શિક્ષાપત્રી લખી.

યોગીરાજ ગોપાળાનંદ સ્વામી, વિદ્વત્વર્ય નિત્યાનંદ સ્વામી, સ્વયંપ્રકાશાનંદ સ્વામી, મંજુકેશાનંદ સ્વામી વગેરે મોટા મોટા સંતોના નિત્ય નિવાસ વડતાલમાં હતા.

વડતાલમાં સેંકડો સંતો રહેતા અને શ્રીજી મહારાજ સંતોની પંક્તિમાં પીરસતા. વડતાલમાં શ્રીજી મહારાજે સંતોની પંક્તિમાં ૪૯૬ વખત પીરસ્યું છે.

વડતાલમાં ભગવાન શ્રીસ્વામિનારાયણ દિવ્ય અને ભવ્ય પુષ્પદોલોત્સવ ઉજવી નિષ્કુળાનંદ સ્વામીએ બનાવેલા બાર બારણાના હીંડોળે બાર સ્વરૂપો ધારણ કરીને ઝૂલ્યા હતા. એ વડતાલની લીલા સંતોએ કીર્તનમાં કંડારી છે.

લાગે વૈકુંઠથી રૂડું વડતાલ, હીંડોળે હરિ ઝૂલતા રે,
ફૂલદોલનો ઉચ્છવ રસાલ, હીંડોળે હરિ ઝૂલતા રે.
ફૂલ ગુલાબ ને મોગરાથી મહેંકતો, બાર બાર દ્વારનો હીંડોળો શોભતો,
હે કરી નિષ્કુળાનંદે કમાલ...હીંડોળે હરિ ઝૂલતા રે.

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ વડતાલ ધામનો મહિમા વર્ણવતા કહે છે,

એક ત્રાજવે તીર્થ હજારે, બીજા ત્રાજવે વરતાલ ધારે।
ધામ વૈકુંઠ આદિ ધરાય, તોય વરતાલ તુલ્ય ન થાય॥

(હ.લી. ૧-૧૩-૬૧)

પરમ પુનિત પૃથ્વી પૃથ્વીપાળ, પુર વરતાલ તણી ઘણી રસાળ।
પુનિત સુપુરી સાત જે ગણાય, પણ વરતાલ સમાન તે ન થાય॥

(હ.લી. ૧-૧૬-૬૨)

વૃત્તપુર મહિમા કહ્યો ન જાય, કદિ મુખ શેષ સહસ્ર કલ્પ ગાય ।
વૃષસુતતણી મુખ્ય ગાદી જ્યાં છે, ત્રિભુવન તત્ત્વ અનેક તીર્થ ત્યાં છે॥

(હ.લી. ૧૦-૧૩-૬૪)

ભગવાન શ્રીસ્વામિનારાયણ દેશ-પ્રદેશમાં વિચરણ કરતાં, ક્યાંક બે વર્ષે, ક્યાંક ત્રણ વર્ષે પણ વડતાલમાં તો દર વર્ષે અનેકવાર પધારતા. એ વાતની સાક્ષી પૂરતા સદ્‌ગુરુ શતાનંદ સ્વામી શ્રીમદ્ સત્સંગિજીવનમાં લખે છે,

प्रतिवर्षं दुर्गपुरात् हरिर्वृत्तालयं पूरम् ।
मुहुर्जगाम नृपते । धर्मस्थापन उद्यतः ॥ (૩-૪૬-૩૧

ધરતી પર ધર્મનું સ્થાપન કરવા ભગવાન શ્રીહરિ દર વર્ષે ગઢપુરથી વારંવાર વડતાલ પધારતા રહેતા.

શતાનંદ સ્વામી સત્સંગિજીવનમાં લખે છે,

पुण्यभूमिर्वृन्दावनमिवोत्तमः ।। (સ.જી.૩-૪૭-૫૭)

વડતાલ પુણ્યભૂમિ વૃંદાવન જેવું ઉત્તમ ધામ છે.
જો ગઢડા ગોકુળ હોય તો વડતાલ વૃંદાવન છે!

સત્સંગિજીવનમાં શ્રીજી મહારાજ સ્વમુખે કહે છે,

सदेशो अस्ति मम प्रेष्ठो वृन्दावनमिवानघ । (૪-૨૭-૧૦)

જેમ ભગવાન શ્રીકૃષ્ણને વૃંદાવન વ્હાલું હતું, એમ ભગવાન શ્રીસ્વામિનારાયણને વડતાલ ધામ વ્હાલું છે.

વડતાલ ધામ માત્ર તીર્થ નહીં, તીર્થરાજ છે. આચાર્ય શ્રી વિહારીલાલજી મહારાજ કહે છે,

નક્ષત્ર કોઈ રવિતુલ્ય નાવે, મેરૂ સમો પર્વત ના કહાવે ।
ચિંતામણિથી ધન સર્વ છોટું, સર્વેથી વૃત્તાલય તીર્થ મોટું॥

(હ.લી.૧-૫-૬)

આવા તીર્થરાજ વડતાલ ધામમાં ભગવાન શ્રીસ્વામિનારાયણે નવ્ય ભવ્ય મંદિર બંધાવી સ્વહસ્તે પોતાનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ અને અન્ય દેવોની પ્રતિષ્ઠાઓ કરી છે.

(ક્રમશઃ - વધુ આવતા અંકે)

સમાચાર દર્શન

જન્માષ્ટમી મહોત્સવ

ભગવાન શ્રીરામ-શ્યામ-ઘનશ્યામ મહારાજના પ્રાગટ્યથી ભારતીય સંસ્કૃતિ ઝળહળા થઈ છે. એમાં પણ ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય- જન્માષ્ટમી મહોત્સવ ભારતવર્ષનો મુખ્ય મહોત્સવ છે. ભગવાન શ્રીકૃષ્ણનું પ્રાગટ્ય સર્વના જીવનને નવપલ્લવિત કરે છે. ત્યારે અમદાવાદ ગુરુકુલ ખાતે ૨૬ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ પૂજ્ય સ્વામીજીના સાંનિધ્યમાં શ્રીકૃષ્ણ જન્મોત્સવ ખૂબ જ ધામધૂમથી ઉજવવામાં આવ્યો હતો. મહોત્સવના પ્રારંભે ગુરુકુલ ગાયકવૃંદ દ્વારા પ્રાગટ્ય મહોત્સવના કીર્તનોનું ગાન થયું. ત્યારબાદ પરમ પૂજ્ય સ્વામીજીએ ભગવાનના પ્રાગટ્યની કથા સાથે પ્રાગટ્યના પ્રયોજનને વણી ખૂબ રસપ્રદ કથાનું રસપાન કરાવ્યું હતું. સાથે સાથે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીએ ગુરુકુલમાં ઉજવાતા ઉત્સવોની વિવિધતા તથા રોચકતાનું વર્ણન કરીને ભગવાન શ્રીકૃષ્ણના મહિમાની વાત કરી હતી.

બરાબર બાર વાગ્યાના સુમારે ભગવાન શ્રીકૃષ્ણના જયજયકાર સાથે પ્રાગટ્ય આરતી થઈ હતી. સુંદર કલાત્મક હિંડોળામાં બિરાજમાન બાલસ્વરૂપ શ્રીકૃષ્ણનારાયણનાં સાંનિધ્યમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત સંતો-વિદ્યાર્થીઓ તથા ભક્તોએ રાસ લઈ ભગવાનના પ્રાગટ્યનો આનંદ વ્યક્ત કર્યો હતો. મહોત્સવના અંતે ઉપસ્થિત ભક્તજનો પંચાજીરીનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

પૂજ્ય જોગીસ્વામી પૂન્યતિથિ

સદ્‌ગુરુ સંતોની તપશ્ચર્યાને પ્રતાપે ગુરુકુલ જાણે નૈમિષારણ્ય ક્ષેત્ર બન્યું છે અને અખંડ ભજનનો પ્રવાહ વહેતો રહે છે. ત્યારે પૂજ્ય જોગી સ્વામીની તેરમી પુન્યતિથિ સંતો-ભક્તો તથા વિદ્યાર્થીઓએ ખૂબ જ ભજન કરીને ઉજવી હતી. તારીખ ૧ સપ્ટેમ્બરના રોજ પુણ્યતિથિ પ્રસંગે **SGVP**, અમદાવાદ, દ્રોણેશ્વર તથા રીબડા ગુરુકુલમાં ભજનના અનેરા આયોજનો થયા હતા. અમદાવાદ ગુરુકુલ, દર્શનમ્ સંસ્કૃત મહાવિદ્યાલય તથા **SGVP** હોસ્ટેલના વિદ્યાર્થીઓ, હરિભક્તો તથા મહિલા મંડળના બહેનોએ નવ કલાકની અખંડ ધૂન, મંત્રલેખન, દંડવત્, પ્રદક્ષિણા, શાસ્ત્ર વાંચન વગેરે ભજનના આયોજનો કરી પૂજ્ય જોગી સ્વામીને શ્રદ્ધાંજલી અર્પણ કરી. ગુણાનુવાદ સભાના પ્રારંભે **SGVP** ગુરુકુલ ખાતે આવેલ મહાન તીર્થભૂમિ હૃદય કુટીરે સદ્‌ગુરુ સંતો તથા ભક્તજનોએ પુષ્પાંજલી અર્પણ કરી હતી. ત્યારબાદ સભાના આરંભે પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, સંતો તથા વિદ્યાર્થીઓએ જોગી સ્વામીના જીવનના કેટલાક પ્રસંગો કહી સ્વામીના મહાન ગુણોનું વર્ણન કર્યું હતું. આ પ્રસંગે ખૂબ મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી પૂજ્ય જોગી સ્વામીના ગુણાનુવાદનું શ્રવણ કર્યું હતું.

જળઝીલણી મહોત્સવ

પ્રાચીન તીર્થ દ્રોણેશ્વર મહાદેવનું સાંનિધ્ય અને ઋષિતોયા મચ્છુન્દ્રી નદીના પટમાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે તારીખ ૧૪ સપ્ટેમ્બરના રોજ ભવ્ય જળઝીલણી મહોત્સવ ઉજવાયો.

મહોત્સવ પ્રારંભે ગુરુકુલ પરિસરમાં નૂતન સોપાનનો પ્રારંભ થયો. ગામડાના બાળકો ખૂબ સારી રીતે રમત-ગમત ક્ષેત્રમાં આગળ વધે એવા હેતુથી અહીં ભવ્ય સ્પોર્ટસ્ સંસ્કુલ નિમાર્ણ કરવાનો નિર્ણય થયો. જેને કાર્યાન્વિત કરતા પૂજ્ય સંતો તથા મહાનુભાવોના હસ્તે 'SGVP સૂર્યા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ'નો શિલાન્યાસ વિધિ સંપન્ન થયો. આ સંસ્કુલનું નિર્માણ અ.નિ. શ્રી સૂર્યકાંત વરસાણી-ની સ્મૃતિમાં વિશ્રામભાઈ વરસાણી (સિસલ્સ)ના અનોખા સમર્પણથી થશે. જેમાં સ્વિમિંગપુલ, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, ટેનિસ વગેરે રમતોના ગ્રાઉન્ડસ્ તૈયાર કરવામાં આવશે.

શિલાન્યાસ સંપન્ન થયા બાદ મંદિરથી મહોત્સવ સ્થાન સુધી ઠાકોરજીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન થયું હતું. જેમાં ગુરુકુલના વિદ્યાર્થીઓ, વિદ્યાર્થિનીઓ, હરિભક્તો જોડાયા હતા. મહોત્સવના પ્રારંભે ગુરુકુલની વિદ્યાર્થીનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજુ કર્યો હતો. ત્યારબાદ સંતો પધારતા ઠાકોરજી તથા મચ્છુન્દ્રી મૈયાનું પૂજન કરી પ્રથમ આરતી થઈ હતી.

પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની નિશ્રામાં યોજાયેલ મહોત્સવમાં આસપાસના અનેક ગામોના હરિભક્તો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજીએ ટેલીફોન દ્વારા ઉપસ્થિત ભક્તજનોને શુભાશિર્વાદ પાઠવ્યા હતા. પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ પ્રાસંગિક વાતો કરી આજના મહોત્સવા મહિમાને વર્ણવ્યો હતો.

ઠાકોરજીનો નૌકાવિહાર, વિવિધ નૃત્યો, ચાર આરતી વગેરે આયોજનો સાથે ઉજવાયેલા મહોત્સવને માણી ઉપસ્થિત ભક્તજનો ધન્યભાગી બન્યા હતા. આ ઉપરાંત નૂતન વર્ષના કેલેન્ડરનું વિમોચન કરવામાં આવ્યું હતું. મહોત્સવના અંતે સદ્‌ગુરુ સંતોએ યજમાનોને આશીર્વાદ પાઠવ્યા હતા તથા નાઘેર પ્રદેશના ગામોગામથી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તજનો પ્રસાદ લઈ છૂટા પડ્યા હતા.

મહોત્સવની તમામ વ્યવસ્થા ભંડારી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય નરનારાયણદાસજી સ્વામી તથા આસપાસના ગામોના ભક્તજનોએ સંભાળી હતી. મહોત્સવ પૂર્વે નાના સંતોએ નાઘેર વિસ્તારના ગામડાઓમાં વિચરણ કરી સત્સંગ કરાવ્યો હતો તથા ભક્તજનોના ભાવ પૂર્ણ કર્યા હતા.

રાજનંદગાઁવ - છત્તીસગઢ

પરમ પૂજ્ય સ્વામીજીના અધ્યક્ષ સ્થાને છત્તીસગઢની રાજધાની રાયપુરની બાજુમાં આવેલ સુપ્રસિદ્ધ નગર રાજનંદગાઁવ ખાતે શ્રી શાંતિભાઈ ભાવાણી પરિવાર દ્વારા તા. ૨૨ થી ૨૪ ઓગસ્ટ, ૨૦૨૪ દરમ્યાન શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજના સહયોગથી ત્રિદિનાત્મક જ્ઞાનસત્રનું આયોજન થયું.

સનાતન ધર્મ અને વિજ્ઞાન વિષયને અનુલક્ષીને આયોજીત આ ત્રિદિનાત્મક સત્રમાં પૂજ્ય સ્વામીજીએ જીજ્ઞાસુ શ્રોતાઓને સનાતન ધર્મની વ્યાપકતા તેમજ સમન્વયવાદી વિચારધારાની સમજ આપી હતી. આ ઉપરાંત, ઉપસ્થિત યુવાનોના સનાતન ધર્મ તેમજ સામ્પ્રત સમયના જીવનલક્ષી પ્રશ્નોના શાસ્ત્રોક્ત તેમજ રસપ્રદ પ્રત્યુત્તર આપી સૌને સંતોષ અને આનંદની અનુભૂતિ કરાવી હતી.

પૂજ્ય સ્વામીજીએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે, ધર્મ અને વિજ્ઞાન એક સિક્કાની બે બાજુ છે. આજનું આધુનિક વિજ્ઞાન જ્યાં વિરામ પામે છે, ત્યાંથી સનાતન ધર્મના વિજ્ઞાનની શરૂઆત થાય છે. સનાતન ધર્મ માનવજીવન સાથે જડાયેલો ધર્મ છે. સનાતન ધર્મના શાશ્વત મૂલ્યોનું અનુસરણ માનવજીવનને આદર્શ અને ઉર્ધ્વગામી બનાવે છે.

પૂજ્ય સ્વામીજીએ યુવાનોના પ્રશ્નોનું સમાધાન કરતી વખતે જણાવ્યું હતું કે, તર્ક-વિતર્ક અને પ્રશ્નોની ચર્ચાથી થોડીવાર બૌદ્ધિક સંતોષ મળી શકે છે, પરંતુ શાશ્વત શાંતિ અને આત્મસંતોષ તો ભારતના પ્રાચીન વૈજ્ઞાનિકો જેવા ઋષિઓએ પ્રવર્તાવેલ સનાતન ધર્મના મૂલ્યોના અનુસરણથી જ પ્રાપ્ત થાય છે. માત્ર બૌદ્ધિક ચર્ચા મનુષ્યને શુષ્ક અને તાર્કિક બનાવે છે, જ્યારે સદાચાર અને ઈષ્ટ-ઉપાસના મનુષ્યને શાંતિ અને પ્રસન્નતાથી ભરી દે છે.

પૂજ્ય સ્વામીજીના મુખેથી સનાતન ધર્મના સિદ્ધાંતો અને વ્યાપકતાની વાતો સાંભળી હિન્દુ ધર્મના અનેક યુવાનોને સંતોષકારક સમાધાન મળ્યું હતું.

શ્રીકચ્છ કડવા પાટીદાર સમાજ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(RSS), વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો તેમજ ખૂબ મોટી સંખ્યામાં યુવાન-યુવતીઓ આ જ્ઞાનસત્રમાં જોડાયા હતા. ઉપરાંત, રાયપુર, નાગપુર વગેરે આજુબાજુના નગરોના અનેક ભાઈ-બહેનોએ આ જ્ઞાનસત્રમાં ભાગ લીધો હતો.

આ ત્રિદિનાત્મક સનાતન ધર્મ અને વિજ્ઞાન ગોષ્ઠીને સફળ બનાવવા શ્રીકચ્છ કડવા પાટીદાર સમાજના પૂર્વ પ્રમુખશ્રી કાંતિભાઈ દીવાણી, મંત્રીશ્રી નરેશભાઈ દીવાણી, યુવકમંડળના પ્રમુખશ્રી મનોજભાઈ દીવાણી, શાંતિલાલભાઈ ભાવાણી તથા એમના બન્ને સુપુત્રો તથા શ્રીકચ્છ કડવા પાટીદાર મહિલા મંડળના પ્રમુખ શ્રીમતિ સુમત્રાબેન દીવાણી તથા યુવકમંડળ અને મહિલા સંઘના ઉત્સાહી ભાઈ-બહેનોએ રાત્રિ-દિવસ પુરુષાર્થ કર્યો હતો.

પૂર્ણાહુતિના પ્રસંગે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના જીલ્લા સંઘચાલક રાધેશ્યામ શર્માજી, વિશ્વ હિન્દુ પરિષદના પ્રાંતીય કાર્યકારી અધ્યક્ષ શ્રીચંદ્રશેખર વર્માજી, જિલ્લા સંપર્ક પ્રમુખશ્રી નરેશભાઈ પટેલ, રાજનંદગાઁવ વિભાગનાં સંપર્ક પ્રમુખશ્રી પ્રશાંતભાઈ સોની, રાષ્ટ્ર સેવિકા સમિતિ-રાજનંદગાંવના વિભાગ કાર્યવાહિકા શ્રીમતિ ઉષાબેન મિશ્રા ઉપરાંત છત્તીસગઢ પ્રાંતના અન્ય પદાધિકારીઓ ઉપરાંત (RSS) તેમજ VHP ના કાર્યકર યુવા ભાઈ-બહેનો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને પૂજ્ય સ્વામીજીના મુખે સનાતન ધર્મ અને વિજ્ઞાનની વાતો સાંભળીને ખૂબ જ પ્રભાવિત થયા હતા.

અ.નિ. શ્રી હસમુખભાઈ કાનજીભાઈ ભુડિયા : કોઈ કલ્પના ન કરી શકે એવી દાતારી જેમના દિલમાં હતી એવા ઉમદા મહામાનવ હસમુખભાઈ કાનજીભાઈ ભુડિયા તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ મોમ્બાસા ખાતે અક્ષરવાસી થયા. મૂળ ગામ ફોટડી (ભુજ)ના નિવાસી અને વર્ષોથી કેન્યા ખાતે રહેતા હસમુખભાઈની અંતિમ ક્રિયામાં SGVP ગુરુકુલના અધ્યક્ષ સ્વામી શ્રી માધવપ્રિયદાસજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. સાથે સાથે સંપ્રદાયના પ્રસિદ્ધ વક્તા સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના પ્રતિનિધિ સંતો પણ ઉપસ્થિત રહ્યા હતા. કચ્છના મહાન સંતો, ભુજ મંદિરના મહંતશ્રી અને સમાજના વિવિધ ક્ષેત્રના આગેવાનો, કચ્છી લેવા પટેલ સમાજના આગેવાનો, કચ્છ સત્સંગ સ્વામિનારાયણ મંદિરના આગેવાનો, સ્વામિનારાયણ સંપ્રદાયના બંને ગાદીના પરમ પૂજ્ય ૧૦૦૮ આચાર્ય મહારાજશ્રી અને અન્ય અનેક સંસ્થાઓના આગેવાનો અને અગ્રણીઓ, ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ સહિત અનેક લોકોએ હસમુખભાઈના પવિત્ર આત્માને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ઉપરાંત આ પ્રસંગે કેન્યા અને તાન્ઝાનિયાના રાષ્ટ્રપતિઓના વિશેષ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. ઘણા સાંસદો, ઘણા મંત્રીઓ અને રાજ્યના ગવર્નરો હાજર હતા.

હસમુખ ભાઈ ભુડિયા કચ્છના ભામાશાહ હતા. તેમની મોમ્બાસા સિમેન્ટ કંપની એક અગ્રણી કંપની છે. હસમુખભાઈ એક વર્ષમાં લગભગ ૫૦૦ કરોડ રૂપિયાનું દાન આપતા હતા. તેથી જ તેમને ભામાશાહ કહેવામાં આવતા હતા. તેમની ધાર્મિકતા કોઈ ચોક્કસ સમુદાય સુધી મર્યાદિત ન હતી. જાતિ કે ધર્મના ભેદભાવ વગર દરેકના સુખ અને દુઃખમાં ઉદારતાથી તેઓ સહભાગી થયા. ખાસ કરીને હસમુખભાઈએ સહજાનંદ સ્પેશિયલ સ્કૂલ બનાવી, જેમાં ૭૦૦ એવા બાળકો છે જેમને તેમના ક્રૂર માતાપિતાએ ત્યજી દીધા હતા. કેટલાક ડસ્ટબીનમાંથી મળી આવ્યા હતા. કેટલાકની સાથે કુદરત અન્યાયી થઈ હતી. જેથી તેઓનો કોઈ ગ્રોથ થયો ન હતો. જેમને જોઈને આંખો આંસુઓથી ભરાઈ જાય એવા વિદ્યાર્થીઓના માતા-પિતા બની હસમુખભાઈએ તેઓની સંપૂર્ણ સંભાળ લીધી. આ સિવાય તે દરરોજ પચાસ હજાર લોકોને ભોજન કરાવતા. ઉપરાંત ગુરુકુલના વિકાસકાર્યોમાં આ પરિવારનું અનોખું યોગદાન છે.

આફ્રિકન બાળકો માટે એક અદ્‌ભુત શાળા બનાવવામાં આવી છે, જેમાં લગભગ અઢી હજાર આફ્રિકન વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. હસમુખભાઈની સેવાની ગણતરી કરવી અશક્ય છે. માતૃભૂમિ કચ્છ પ્રત્યે તેમની અતુલ્ય ભક્તિ અને પ્રેમ હતો. તેણે કમ્પાલા અને નૈરોબીમાં ઘણા મંદિરો બનાવ્યા છે. તેઓએ હોસ્પિટલના નિર્માણ અને કન્યા છાત્રાલયના નિર્માણ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપી છે અને કન્યા સંકુલોમાં અભ્યાસ કરતી કચ્છની તમામ કન્યાઓ માટે ૨૫ વર્ષ સુધી મફત શિક્ષણની વ્યવસ્થા કરી છે. આવા એક મહાન આત્માને, એક મહાન દાતાને સૌએ ગુમાવ્યા. હસમુખભાઈની વિદાયના શોકમાં આખું મોમ્બાસા ૨ દિવસ સુધી બંધ રહ્યું. એમની સાથે જોડાયેલા નાના-મોટા દરેકને લાગ્યું કે અમે અમારા પ્રેમાળ માતાપિતા ગુમાવ્યા છે.

હસમુખભાઈના પવિત્ર આત્માને પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય હરિસ્વરૂપદાસજી સ્વામી તથા SGVP ના તમામ સંતો અને વિદ્યાર્થીઓ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે. તથા તેમના સુપુત્રો સૂરજ, ધ્રુવ, કીર્તન વગેરે તમામ સભ્યો તથા પરિવારની બહેનોને ધીરજ અને હિંમત મળે એવી પ્રાર્થના કરે છે.

અ.નિ. શ્રી કેવલભાઈ માધવદાસ પટેલ :- અમેરિકા નિવાસી પ.ભ. શ્રી કેવલભાઈ પટેલ તા. ૨૩ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. કેવલભાઈ તથા એમના પરિવારની ગુરુકુલમાં ખૂબ સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ કેવલભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી કેતનભાઈ રણછોડભાઈ લીંબાણી :- પાણખાણ નિવાસી પ.ભ. શ્રી કેતનભાઈ લીંબાણી તા. ૨૯ ઓગષ્ટ, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ગુરુકુલ અને ગુરુકુલના સેવાકાર્યો પ્રત્યે સમર્પિત કેતનભાઈના પવિત્ર આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે તથા રણછોડભાઈ તથા સુપુત્ર ખુશ વગેરે સર્વ પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી વજુભાઈ અંબાલાલા રીબડિયા :- અમદાવાદ નિવાસી પ.ભ. શ્રી વજુભાઈ રીબડિયા તા. ૦૩ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. જીવન પર્યંત સેવાનિષ્ઠ વજુભાઈએ પોતાના દેહનું દાન કરી દીધું હતું. વજુભાઈની શ્રદ્ધાંજલિ સભા મેમનગર ગુરુકુલ ખાતે રાખવામાં આવી હતી અને સર્વ સંતો-ભક્તોએ શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

ભગવાન શ્રીહરિ વજુભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા પરાગભાઈ, બિમલભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ચતુરભાઈ ભગવાનદાસ પટેલ :- વિસતપુરા નિવાસી તથા સમાજસેવક શ્રી ચતુરભાઈ પટેલ તા. ૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ચતુરભાઈના પવિત્ર આત્માને પોતાના ચરણોનું અખંડ સુખ આપે તથા સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી પ્રથમ ઘનશ્યામભાઈ કથિરિયા :- સુરત નિવાસી ગુરુકુલના અનન્ય નિષ્ઠાવાન સેવક શ્રી ઘનશ્યામભાઈના સુપુત્ર પ્રથમ ખૂબ જ નાની ઉંમરે અક્ષરવાસી થયા છે. ક્યારેય ન પૂરી શકાય એવી અને અચાનક પડેલી ખોટથી પરિવાર ભારે દુઃખી થયો છે. સત્સંગ અને સેવામાં હંમેશા અગ્રેસર રહેતા આ પરિવારને ભગવાન શ્રીહરિ ધીરજ અર્પે તથા પ્રથમના આત્માને પોતાના ધામનું સાશ્વત સુખ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. ધનજીભાઈ હરિભાઈ ગજેરા :- નાના સમઢિયાળા નિવાસી શ્રી ધનજીભાઈ ગજેરા તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ધનજીભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.



અ.નિ. શ્રી જયંતીલાલ આર. ટાંક :- અમદાવાદ નિવાસી શ્રી જયંતીલાલ ટાંક તા. ૧૩ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. આ પરિવાર ગુરુકુલના સેવાકાર્યો સાથે જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ જયંતીલાલના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ હરેશભાઈ, રાજેન્દ્રભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી ધનાઆતા :- સમઢિયાળા નિવાસી તથા માનત સ્વામી તથા જોગી સ્વામીના પરમ કૃપાપાત્ર ધનાઆતા ૧૭ સપ્ટેમ્બરના રોજ અક્ષરવાસી થયા છે. ભગવાન શ્રીહરિ ધનાઆતાના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

અ.નિ. શ્રી જયરામભાઈ એસ. પટેલ :- અમદાવાદ નિવાસી તથા ખૂબ જાણીતા સમાજસેવક અને શિક્ષણવિદ જયરામભાઈ પટેલ તા. ૧૩ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ અક્ષરવાસી થયા છે. જયરામભાઈ ગુરુકુલ સાથે ખૂબ નિષ્ઠાની જોડાયેલા. અવારનવાર એમની માર્ગદર્શનરૂપી સેવા પ્રાપ્ત થતી. પૂજ્ય સ્વામીજી તથા પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામી સાથે જયરામભાઈને ખૂબ સ્નેહનો નાતો હતો. ભગવાન શ્રીહરિ જયરામભાઈના પવિત્ર આત્માને પોતાની મૂર્તિનું અખંડ સુખ આપે તેમજ પ્રવિણભાઈ, હિમાંશુભાઈ વગેરે સર્વ પરિવારજનોને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઈ, સદાવ્રત ભોજન, યજ્ઞ-ગૌપૂજન

પ.ભ. શ્રી બળદેવભાઈ એમ. પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રિતેશ હરજીભાઈ રૈયાણી, અમદાવાદ
પ.ભ. શ્રી જયેશભાઈ શેઠ, મુંબઈ
પ.ભ. શ્રી મલિન ધીરૂભાઈ પટેલ, કેનેડા
પ.ભ. શ્રી પ્રવિણભાઈ વાડદોરિયા, અમદાવાદ
પ.ભ. શ્રી વિશાલભાઈ બી. શાહ, અમદાવાદ
પ.ભ. શ્રી જતિનભાઈ રાજેન્દ્રકુમાર અમિન, અમદાવાદ
પ.ભ. શ્રી પરશોત્તમભાઈ બોડા, રાજકોટ
પ.ભ. શ્રી હિતેન્દ્રભાઈ આહિર, અમદાવાદ
પ.ભ. શ્રી ભુપતભાઈ ખુટ, અમદાવાદ
પ.ભ. શ્રી મયંકભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી લાલજીભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી મિહિરભાઈ વછેડા, અમદાવાદ
પ.ભ. શ્રી નરેન્દ્રભાઈ મનમોહનભાઈ પટેલ, ઓસ્ટ્રેલિયા
પ.ભ. શ્રી દિનેશભાઈ ગોડલિયા, સુરત

આગામી આયોજન

તા. ૧૨/૧૦/૨૪, શનિવાર : **શ્રીહરી જયંતી,** શ્રીઘનશ્યામ મહારાજ રાજોપચાર પૂજન, નીલકંઠવર્ણી પયોભિષેક, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૪/૧૦/૨૪, સોમવાર : **પાંશાકુશા એકાદશી**
તા. ૧૭/૧૦/૨૪, ગુરુવાર : **શરદપૂર્ણિમા,** શ્રીઘનશ્યામ મહારાજ પાટોત્સવ તથા શરદોત્સવ, છારોડી ગુરુકુલ
તા. ૨૮/૧૦/૨૪, સોમવાર : **રમા એકાદશી :** દિવાળી ઉત્સવ પ્રારંભ. રોજ સાંજે કિર્તનભક્તિ, સાંજે ૮:૦૦ કલાકે અમદાવાદ ગુરુકુલ
તા. ૩૦/૧૦/૨૪ : બુધવાર : **કાળી ચૌદશ :** હનુમાનજી પૂજન, સાંજે ૬:૦૦ કલાકે, અમદાવાદ તથા છારોડી ગુરુકુલ

જન્માષ્ટમી મહોત્સવ પ્રસંગે શ્રીકૃષ્ણજન્મોત્સવની આરતી કરતા પૂજ્ય સ્વામીજી, અમદાવાદ ગુરુકુલ

'સનાતન ધર્મ અને વિજ્ઞાન' ત્રિદિવસીય સત્રમાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તો - રાજનંદગાવ (છત્તીસગઢ)

ઋષિકેશ ખાતે આયોજિત શ્રીમદ્ ભાગવત કથા પ્રસંગે કથા શ્રવણ કરાવતા પૂજ્ય સ્વામીજી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી યજમાન શ્રી પ્રવિણભાઈ ભંડેરી પરિવારનું સન્માન કરતા સંતો

પૂજ્ય જોગી સ્વામીની પુન્યતિથિ પ્રસંગે પુન્યતીર્થ શ્રી ઘેલા સોમનાથ તથા રીબડા ગુરુકુલ ખાતે આયોજિત બ્રહ્મ ચોરાસીમાં બ્રહ્મભોજન ગ્રહણ કરતા ભુદેવો

વડતાલધામ ખાતે શિક્ષાપત્રી-વચનામૃત ગ્રંથ ઉપર આયોજિત ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારમાં ઉપસ્થિત સંપ્રદાયના સંતો, ભારતવર્ષના વિદ્વાનો, ઋષિકુમારો

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2022-2024
Valid Upto 31-12-2024 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. PMG/NG/92/2022-2024 valid upto 31-12-2024. Date of Publication is 25th of every month.

દ્રોણેશ્વર ગુરુકુલ ખાતે આયોજિત જળઝીલણી મહોત્સવ પ્રસંગે સ્પોર્ટસ્ સંકુલની શિલાન્યાસ વિધિ.
મહોત્સવમાં ભગવાન શ્રીહરિ અભિષેક દર્શન તથા ઉપસ્થિત સંતો-ભક્તો

ઋષિકેશ કથા પ્રસંગે અયોધ્યા મંદિરના કોશાધ્યક્ષ પરમ પૂજ્ય શ્રી ગોવિંદગીરીજી મહારાજની પધરામણી

If undelivered Please Return to:
Shree Swaminarayan Gurukul
Gurukul Road, Memnagar,
Ahmedabad - 380052

To.

Printed and Published by Purani Balkrushnadas on behalf of shree Swaminarayan Gurukul memnagar, Ahmedabad. Printed at Surya offset, Bopal, Ahmedabad and published from shree Swaminarayan Gurukul Memnagar, Ahmedabad 380052. Editor : Parshad Shamjibhagat
વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- પંચવાર્ષિક લવાજમ રૂા. ૨૫૦/-